# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 22-09-2026 I VOL : 12 I Issue : 187 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

શાંતિ પૈસાથી નહીં, સંતોષથી મળે છે. સફળતા માટે નસીબ કરતાં મહેનત વધારે જરૂરી છે.


3  "સફેદ બુટ પહેરવાથી વિઠ્ઠલ રાદડિયા નથી બની જવાતું...!

4  કચ્છના વોંધ ખાતે રામદેવપીરના સુપ્રસિદ્ધ મેળામાં...

6  રશ્મિકા મંદાનાની માયસાનું દમદાર ટીઝર રિલીઝ, ફેન્સ બોલ્યા હવે પુષ્પાની...

7  એશિયન ગેમ્સ- ભારતને 6 મેડલ: ખેલાડીઓનો શાનદાર દેખાવ


## અડવાણી સહિત BJPના મોટા નેતાઓને ECની નોટિસથી ખડગે ભડક્યા

# SIR લોકશાહી ખતમ કરવાનું હથિયાર: ખડગે

## ભાજપના નેતા જ તેના સકંજામાં ફસાયા; અડવાણી-જયશંકર સહિત અનેક નેતાઓને નોટિસ

નવી દિલ્હી

દિલ્હીમાં SIR પ્રક્રિયા હેઠળ ભાજપના નેતાઓને ચૂંટણી પંચ તરફથી જારી કરવામાં આવેલી નોટિસ પર મલ્લિકાર્જુન ખડગેએ કટાક્ષ કર્યો છે.

ખડગેએ સોમવારે X પર લખ્યું કે SIR માત્ર વોટ ચોરી અને લોકતંત્રને ખતમ કરવાનું સાધન જ નથી. પરંતુ તે એક ફ્રેન્કેસ્ટાઈન મોન્સ્ટર (એક કહાનીનું પાત્ર) બની ગયું છે, જેણે હવે પોતાના જ લોકોને ફસાવી દીધા છે. ખરેખરમાં, દિલ્હીમાં SIR હેઠળ ભાજપના નેતા લાલકૃષ્ણ આડવાણી, વિદેશ મંત્રી એસ. જયશંકર અને ચૂંટણી કમિશનર એસએસ સંધુને ચૂંટણી પંચે નોટિસ આપી છે. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, 33.13 લાખ મતદારોને એન્યુમરેશન ફોર્મની માહિતીમાં ગડબડના કારણે નોટિસ મોકલવામાં આવી છે. 98 વર્ષીય લાલકૃષ્ણ આડવાણી, તેમની પુત્રી પ્રતિભા અને પુત્રવધૂ ગીતિકાને 2002ની SIR મતદાર યાદી સાથે નામનું મેપિંગ ન થવાને કારણે નોટિસ મળી છે. તેમના પુત્ર જયંતની મેપિંગ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. ચારેય નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારના મતદારો છે. વિદેશ મંત્રી એસ. જયશંકર અને તેમની પત્ની ક્યોકો



જયશંકર, જેઓ નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારના સુનહરી બાગ વિસ્તારમાં મતદારો છે, તેમને પણ 'અગાઉની SIR સાથે મેપ નથી' કારણસર નોટિસ મળી છે. પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને તેમની પત્ની સુદેશને પણ નોટિસ આપવામાં આવી છે. તેમના મતદાર રેકોર્ડમાં ઉપરાષ્ટ્રપતિ આવાસનું સરનામું નોંધાયેલું છે. ચૂંટણી કમિશનર એસ.એસ. સંધુને તેમના નામમાં તફાવત હોવાને કારણે નોટિસ મળી છે, જ્યારે તેમના પુત્ર દમનબીરને માતા-પિતાનાં નામમાં તફાવત હોવાને કારણે નોટિસ આપવામાં આવી છે. બંને દિલ્હી કેન્ટ વિધાનસભા મતવિસ્તારના મતદારો છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્રીને પણ 'અગાઉની SIR સાથે મેપ નથી' કારણસર નોટિસ આપવામાં આવી છે. આ નેતાઓને પણ નોટિસ પૂર્વ દિલ્હી BJP અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા, રાજ્યસભા સાંસદ કપિલ સિબલ અને BJP નેતા સુધાંશુ મિત્તલને પણ નોટિસ મોકલવામાં આવી છે. નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રના મતદાર કપિલ સિબલને અગાઉની SIR સાથે રેકોર્ડ લિંક ન હોવાને કારણે નોટિસ મળી છે. વીરેન્દ્ર સચદેવાએ જણાવ્યું કે તેમને નામ સંબંધિત ગડબડને કારણે નોટિસ મળી છે. તેમણે કહ્યું કે જરૂરી દસ્તાવેજો દ્વારા તેમાં સુધારો કરાવી લેશે. તેમણે કહ્યું કે તેમની પત્ની અને ભાઈનું નામ પણ નોટિસ મેળવનારાઓની યાદીમાં છે. તેમણે કહ્યું કે જરૂરી સુધારા કરાવી દેવામાં આવશે.

## પહેલી ધરપકડ ગેરકાયદેસર ઠરી તો ફરીથી મેજિસ્ટ્રેટની મંજૂરી જરૂરી

### પોલીસ સીધી ધરપકડ નહીં કરે, પહેલાં કારણ જણાવવું પડશે; SCએ નિયમો નક્કી કર્યા

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે જો ધરપકડના કારણો ન જણાવવાને કારણે કોઈ વ્યક્તિની ધરપકડ ગેરકાયદેસર જાહેર થાય, તો તેને ફરીથી ધરપકડ કરતા પહેલાં પોલીસે મેજિસ્ટ્રેટની મંજૂરી લેવી પડશે. કોર્ટે કહ્યું કે ફરીથી ધરપકડ કરતાં પહેલાં આરોપીને લેખિતમાં ધરપકડનું કારણ જણાવવું પડશે. પહેલી ધરપકડ કરનાર પોલીસ અધિકારીના ઉચ્ચ અધિકારીની મંજૂરી પણ જરૂરી રહેશે. ફરીથી ધરપકડ માટે મેજિસ્ટ્રેટને કારણ જણાવવું પડશે પોલીસે મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરીને જણાવવું પડશે કે પહેલી ધરપકડ વખતે આરોપીને કારણો શા માટે જણાવવામાં આવ્યા નહોતા. અરજી પર સંબંધિત પોલીસ અધિકારીના તાત્કાલિક ઉચ્ચ અધિકારીની સંમતિ પણ જરૂરી રહેશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પહેલી



ધરપકડમાં ભૂલ કરનાર અધિકારી ફરીથી ધરપકડ કરવાનો નિર્ણય લઈ શકશે નહીં. મામલાની તપાસ પણ કોઈ અન્ય અધિકારીને સોંપવી પડશે. કોર્ટે સંબંધિત પોલીસ અધિકારી સામે વિભાગીય તપાસના નિર્દેશ આપ્યા છે. ભૂલ સાબિત થાય તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે અને સર્વિસ બુકમાં પણ તેનો રેકોર્ડ નોંધવામાં આવશે. મેજિસ્ટ્રેટની સંમતિ બાદ જ ફરીથી ધરપકડ મેજિસ્ટ્રેટ ત્યારે જ મંજૂરી આપશે.

## ત્રણ રાજ્યોમાં વાવાઝોડું અર્નબ ત્રાટકવાની આશંકા

### બંગાળની ખાડીમાં મોટી હલચલ, અતિ ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી

બંગાળની ખાડીમાં નવું વાવાઝોડું સર્જાવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી અઠવાડિયે ભારતના ત્રણ રાજ્યોમાં વર્ષનું પ્રથમ ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' દસ્તક આપી શકે છે. જોકે, આ અંગે પરિસ્થિતિ પૂરી રીતે સ્પષ્ટ નથી અને માત્ર પૂર્વાનુમાન લગાવવામાં આવી રહ્યા છે. ચોમાસાની વિદાય મોટા વિનાશ સાથે થઈ શકે છે. ઉત્તરીય અંદમાન સમુદ્ર અને બંગાળની ખાડીમાં દબાણનું ક્ષેત્ર (લો પ્રેશર) બની રહ્યું છે, જે સોમવારે વધુ મજબૂત બની શકે છે. જોકે, આ ચક્રવાતી વાવાઝોડા 'અર્નબ'માં પરિવર્તિત થશે કે નહીં, તેને લઈને સ્થિતિ સ્પષ્ટ નથી. એવું માનવામાં આવી રહ્યું છે કે, તેની અસર પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશમાં થઈ શકે છે.

## રામ મંદિર દાન ચોરી કેસમાં મોટો ખુલાસો

# SITએ કહ્યું- CCTVમાં 70 નહીં 105 વખત ચોરીની ઘટના કેદ થઈ, 2 દિવસમાં ચાર્જશીટ દાખલ થશે

અયોધ્યા

અયોધ્યા રામ મંદિર દાન ચોરી કેસમાં મોટો ખુલાસો થયો છે. સોમવારે સુપ્રીમ કોર્ટને જણાવવામાં આવ્યું કે મંદિરના CCTV ફૂટેજમાં દાન ચોરીની 70 નહીં, પરંતુ 105 ઘટનાઓ કેદ થઈ છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ના સ્ટેટસ રિપોર્ટના આધારે કોર્ટને તપાસની માહિતી આપી. તેમણે કહ્યું કે SITની તપાસ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. SITએ CCTV ફૂટેજ, સાક્ષીઓના નિવેદનો અને અન્ય પુરાવાઓની તપાસ કરીને આરોપીઓની ઓળખ કરી છે. દાન અને કિંમતી સામાનની રસીદો સોફ્ટવેર દ્વારા તૈયાર થાય છે અને સામાન SBIના લોકરમાં રાખવામાં આવે છે. કોર્ટે SITનો સ્ટેટસ રિપોર્ટ રેકોર્ડ પર લઈ લીધો છે. આ પહેલાં 23 જૂને પહેલી SITએ પોતાનો પ્રાથમિક તપાસ રિપોર્ટ રાજ્ય



સરકારને સોંપ્યો હતો. રિપોર્ટ અનુસાર, 27 એપ્રિલથી 5 જૂન વચ્ચે CCTVમાં આશરે 70 શંકાસ્પદ ઘટનાઓ કેદ થઈ હતી. ફૂટેજમાં પોલીસની કસ્ટડીમાં આવેલા 8 આરોપીઓ નોટોના બંડલ ખિસ્સા અને જૂતામાં છુપાવતા જોવા મળ્યા હતા. સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર બીજી SIT બનાવવામાં આવી છે, જે તપાસ કરી રહી છે.

સોલિસિટર જનરલે જણાવ્યું કે SIT 25 સપ્ટેમ્બર સુધીમાં ચાર્જશીટ દાખલ કરી દેશે. સુપ્રીમ કોર્ટે મેજિસ્ટ્રેટને કાયદા મુજબ ચાર્જશીટ પર કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. અરજદાર SIT રિપોર્ટની નકલ માંગી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે તે આપવાનો ઈનકાર કર્યો. CJIની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું કે તે મામલાને સેશન્સ જજના અધિકારક્ષેત્રની બહાર કરવા માગતી નથી. જરૂર પડે તો કોર્ટ આગળની તપાસ અંગે આદેશ જાહેર કરી શકે છે.

## એક નજર...

### તમન્ના ભાટિયાનો રોયલ અવતાર, મરૂન સાડીમાં અભિનેત્રીએ લૂંટી મહેફીલ



ભારતીય સિનેમાની જાણીતી અને લોકપ્રિય અભિનેત્રી તમન્ના ભાટિયાએ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી લઈને બોલિવૂડ સુધી પોતાની ઉત્કૃષ્ટ એક્ટિંગ અને સુંદરતાના બળે એક ખાસ ઓળખ ઊભી કરી છે. આ વાયરલ તસવીરમાં તમન્ના ભાટિયા ઘેરા મરૂન અને સિલ્વર-ગોલ્ડન બોર્ડર વાળી ટ્રેડિશનલ સાડીમાં અત્યંત રોયલ, આકર્ષક અને એલિગન્ટ લુકમાં નજરે પડી રહી છે.

## NEWS TRACK

### ઝેલેન્સ્કીએ કહ્યું- આવતા અઠવાડિયે ન્યૂયોર્કમાં ટ્રમ્પ સાથે મુલાકાત: યુદ્ધ સમાપ્ત કરવામાં આ મહત્વપૂર્ણ

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ રવિવારે જણાવ્યું કે તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરી છે. બંને નેતાઓએ નક્કી કર્યું છે કે તેઓ આવતા અઠવાડિયે ન્યૂયોર્કમાં યોજાનારા સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના વાર્ષિક સત્ર દરમિયાન મુલાકાત કરશે. ઝેલેન્સ્કીએ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે રશિયા સાથે સાડા ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેનાથી ઘણું બધું બદલાઈ શકે છે. રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી 2022થી યુદ્ધ ચાલુ છે. રશિયામાં સંસદીય ચૂંટણીના અંતિમ દિવસે રવિવારે યુક્રેને મોસ્કો અને આસપાસના વિસ્તારોમાં 1600થી વધુ ડ્રોન વડે હુમલો કર્યો. તેમાંથી લગભગ 450 ડ્રોન મોસ્કો તરફ આગળ વધી રહ્યા હતા. ઝેલેન્સ્કીએ જણાવ્યું કે આ મુલાકાતમાં યુદ્ધનો તણાવ ઘટાડવા ઉપરાંત ઊર્જા, ખોરાક અને સામાન્ય લોકોની સુરક્ષા જેવા જરૂરી મુદ્દાઓ પર વિચારણા કરવામાં આવશે. અમેરિકા અને યુક્રેનની ટીમો સાથે મળીને કામ કરી રહી છે. હવે અમે પરિસ્થિતિ સુધારવા માટે કેટલાક મોટા અને ગંભીર પગલાં લેવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ.

### પનામાના કાર્ગો શિપે ચીની બોટને ટક્કર મારી:બોટમાં પાણી ભરાયું પછી આગ લાગી

સિંગાપુર નજીક પનામાના ધ્વજવાળું કાર્ગો જહાજ માછીમારી કરતી ચીની બોટ સાથે અથડાયું. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર હવે વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે 'ફર્સ્ટ માર્ગોક્સ' નામનું માલવાહક જહાજ પાછળથી માછીમારી કરતી 'લુકિંગ યુઆનયુ 108' નામની બોટ તરફ ઝડપથી આવે છે અને તેના એક ભાગ સાથે અથડાઈ જાય છે. ટક્કર બાદ નાની બોટ ફરવા લાગી અને તેનું ડેક પાણીથી ભરાઈ ગયું. બોટ પર હાજર ક્રૂના સભ્યો રેલિંગ પકડીને પોતાને સંભાળતા નજરે પડ્યા. આ અકસ્માત 17 સપ્ટેમ્બરની સાંજે આશરે 5 વાગ્યે થયો હતો. બંને જહાજો સવારે સિંગાપુર નજીકના એક જ બંદરેથી રવાના થયા હતા અને સિંગાપુર સ્ટ્રેટની પશ્ચિમ તરફ જતા એક જ ચેનલમાં આગળ વધી રહ્યા હતા. પનામા કાર્ગો શિપ ખરેખર માછલી પકડતી બોટને ઓવરટેક કરી રહ્યું હતું. અહેવાલ મુજબ, તેની ઝડપ લગભગ 3 નોટ વધુ હતી. ટક્કર બાદ પણ માલવાહક જહાજ લગભગ 2 કલાક સુધી 10 નોટની ઝડપે પશ્ચિમ તરફ આગળ વધતું રહ્યું. ત્યાર બાદ તે અટકી ગયું.

# 80,000 કરોડના તોતિંગ ખર્ચે બનેલા જામનગર-ચંદીગઢ સિક્સ-લેન હાઈવે પર સવાલોના ખાડા

## વિકાસના દાવાઓ સામે ગુણવત્તા પર શંકાના વાદળો!

અમદાવાદ/જામનગર

દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને મજબૂત કરવા માટે સરકાર દ્વારા અબજો-કરોડો રૂપિયાના પ્રોજેક્ટ્સ જાહેર કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કેટલી પોકળ હોય છે તેનું ઉત્તમ ઉદાહરણ હાલ ચર્ચામાં આવ્યું છે.

ગુજરાતના ઉદ્યોગનગર ગણાતા જામનગરથી લઈને છેક ચંદીગઢ સુધીના અત્યાધુનિક અને મહત્વાકાંક્ષી સિક્સ-લેન (Six-Lane) હાઈવે પ્રોજેક્ટને લઈને હવે અત્યંત ગંભીર સવાલો ઉઠવા પામ્યા છે. માતબર ૮૦,૦૦૦ કરોડના તોતિંગ ખર્ચે તૈયાર થયેલા આ માર્ગ પર માંડ બે વર્ષનો સમય વીત્યો છે ત્યાં જ રસ્તાઓની ગુણવત્તા સામે મોટા પ્રશ્નાર્થ ચિન્હો ઊભા થઈ ગયા છે.

■ માત્ર બે વર્ષમાં જ કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓની હાલત બિસ્માર થતા વાહનચાલકો અને જનતામાં ઉગ્ર રોષ

■ સરકારી તિજોરીમાંથી પાણીની જેમ વહેડાયેલા જંગી નાણાં છતાં જવાબદારી કોની? તે અંગે તંત્ર મૌન

### શું માત્ર બે વર્ષમાં જ ધોવાઈ ગઈ ગુણવત્તા?

પ્રાપ્ત થતી વિગતો અને સ્થાનિક અહેવાલો મુજબ, આટલા મોટા આર્થિક રોકાણ બાદ બનેલા હાઈવે પર અત્યારથી જ ખાડા પડવાની શરૂઆત થઈ ગઈ છે અને રસ્તાઓની સપાટી ઉખડવા લાગી છે. કરોડો રૂપિયાના ટેક્સના ભોગે તૈયાર થતા આવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો જો માત્ર બે વર્ષની અંદર જ જર્જરિત બનવા લાગે, તો તે ટેકનિકલ ખામી છે કે પછી ભ્રષ્ટાચારનું પરિણામ? તે એક મોટો તપાસનો વિષય બન્યો છે. હાઈવે પર વાહન હંકારતા ચાલકો અને ટ્રાન્સપોર્ટરો પણ વારંવાર સર્જાતી અસુવિધા અને અકસ્માતના જોખમથી ત્રાસી ગયા છે.

### જવાબદારી કોની? અને કોન્ટ્રાક્ટર્સ સામે કેમ મૌન?

આટલી મોટી રકમ ખર્ચ્યા બાદ પણ જો પ્રજાને ગુણવત્તાસભર અને સુરક્ષિત રસ્તો ન મળતો હોય, તો આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એજન્સીઓ, ઈજનેરો અને જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કેમ નથી થતી? તેવા સવાલો હવે જાગૃત નાગરિકો દ્વારા પૂછવામાં આવી રહ્યા છે. સરકારી યોજનાઓમાં થતા માતબર ખર્ચ સામે જો પાયાની ગુણવત્તા જ જળવાતી ન હોય, તો વિકાસના દાવાઓ માત્ર કાગળ પર જ શોભાના ગાંઠિયા સમાન સાબિત થાય છે.

### પાક્કો ગુજરાતનો સવાલ: જનતાના પરસેવાની કમાણી અને ટેક્સના પૈસાથી બનતા આવા વિકાસના કાર્યોમાં ક્યારે પારદર્શિતા આવશે અને ભ્રષ્ટાચાર આચરનારાઓ સામે ક્યારે કડક કાર્યવાહી થશે?


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ખાનગી શાળાઓ પર વહીવટી તંત્રની કનડગત સામે સંચાલકોનો ઉભરો ફૂટ્યો

ખેડા

રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ફિયાસ્કો સર્જાયો હોય તેમ ખાનગી શાળાઓ અને વહીવટી તંત્ર વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ખાનગી સ્કૂલ સંચાલકોને વિવિધ સરકારી નિયમો અને કનડગતો સામે હવે ખુલ્લેઆમ મેદાને ઉતરવું પડ્યું છે. આ જ સિલસિલામાં 'સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ' દ્વારા સરકારની બેવડી નીતિ અને દમનકારી વલણ સામે મોરચો ખોલી દેવામાં આવ્યો છે અને ખેડા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને કડાકા ભડાકા સાથે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી છે. સંચાલક મંડળના જણાવ્યા મુજબ, શિક્ષણના અધિકાર (RTI) હેઠળ મફત અને નિ:શુલ્ક શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓની ફીની રકમ સરકાર દ્વારા સમયસર જમા કરાવવામાં આવતી નથી. પરિસ્થિતિ એવી છે કે આ ફી એક-એક વર્ષ વીતી જવા છતાં સરકાર ખાતામાં જમા થતી નથી, જેના કારણે શાળાઓનું સંચાલન કરવું અશક્ય બનતું જાય છે.

એક તરફ સરકાર શિક્ષણના મફત અને ગુણવત્તાસભર દાવાઓ કરે છે, તો બીજી તરફ ગ્રાન્ટ કે ફી રિમ્બર્સમેન્ટ સમયસર ન મળવાથી શાળાઓ આર્થિક સંકટમાં મુકાઈ રહી છે. આવેદનપત્રમાં સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે FRC (ફી રેગ્યુલેટરી કમિટી) અને વહીવટી વિભાગ દ્વારા ખાનગી શાળાઓને સતત હેરાનગતિ કરવામાં આવે છે.

## ગુજરાતના પાવર સેન્ટરો પર આતંકી સાયો? ખાનપુર અને કમલમ્ BJP કાર્યાલય સહિત સોમનાથ મંદિરમાં બોમ્બ વિસ્ફોટની ધમકીથી હચમચ્યું તંત્ર!

અમદાવાદ

ગુજરાતના રાજકીય અને ધાર્મિક કેન્દ્રોને નિશાન બનાવીને એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. રાજ્યના પાવર સેન્ટરો ગણાતા અમદાવાદના ઐતિહાસિક ખાનપુર સ્થિત ભાજપ કાર્યાલય અને ગાંધીનગરના કોબા સ્થિત કમલમ્ (BJP કાર્યાલય) તેમજ પવિત્ર સોમનાથ મંદિરને ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળતા સુરક્ષા એજન્સીઓમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ સનસનીખેજ ધમકી મળતા જ સુરક્ષા તંત્ર હરકતમાં આવી ગયું હતું. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ગાંધીનગર ખાતે આવેલા સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યુરો (CIB) ને સવારે બરાબર ૯:૦૦ વાગ્યે એક ધમકીભર્યો ઈ-મેઈલ પ્રાપ્ત થયો હતો. આ ઈ-મેઈલમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે અમદાવાદના ખાનપુર સ્થિત ભાજપ કાર્યાલય, ગાંધીનગરના કોબા સ્થિત કમલમ્ કાર્યાલય અને જગપ્રસિદ્ધ સોમનાથ મંદિરમાં બોમ્બ મૂકવામાં આવ્યો છે. મેઈલ મળતાની સાથે જ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ બ્યુરો દ્વારા ત્વરિત પગલાં લઈને અમદાવાદ અને ગાંધીનગરના સ્થાનિક તંત્ર તેમજ પોલીસ ઉચ્ચ અધિકારીઓને આ બાબતની ગંભીર જાણ કરવામાં આવી હતી. ધમકી મળતાની સાથે જ અમદાવાદ અને ગાંધીનગર પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું હતું. તાત્કાલિક અસરથી સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોર્ડ (BDDS) અને ડોગ સ્કવોર્ડની ટીમો ખાનપુર અને કમલમ્ કાર્યાલય ખાતે પહોંચી ગઈ હતી.

## રસ્તા પર ઓવર-સાઇઝ વસ્તુઓ લઈને ફરવું એ ક્રેશ ડ્રાઇવિંગ નહીં પણ ખુલ્લો ખૂની ખેલ છે!

ગાંધીનગર

ગુજરાતની ધરતીએ પોતાના એક અત્યંત લોકપ્રિય અને તેજસ્વી કલાકાર ચંદન રાઠોડ (જેઓ 'ગુજ્જુ લવ ગુરુ' તરીકે લાખો યુવાનોના દિલ પર રાજ કરતા હતા) ને અચાનક અને અત્યંત કરુણ સંજોગોમાં ગુમાવી દીધા છે. આ માત્ર એક અકસ્માત નથી, પરંતુ આપણા રસ્તાઓ પર બેફામ બની ગયેલી ટ્રાફિકની બેદરકારી અને કાયદાના શાસનની ધજાગિયા ઉડાડતી માનસિકતાનું પરિણામ છે. બાઈક કે બે વ્હીલર પાછળ કડિયા કામ કે અન્ય સાધનોનું મોટું લાકડાનું પાટિયું કે ઓવર-સાઈઝ સામાન આડો બાંધીને હાઈવે પર ફૂલ સ્પીડમાં દોડવું એ અન્ય નિર્દોષ વાહનચાલકો માટે સીધેસીધો મોતનો પરવાનો સાબિત થઈ રહ્યો છે. નવા ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ 106(2) (હિટ એન્ડ રન અને બેદરકારીભર્યું મૃત્યુ) મુજબ, આ પ્રકારની ઘાતક લાપરવાહી દાખવીને અકસ્માત સર્જીને કોઈનો જીવ લેવો અને રસ્તા પર મરવા માટે છોડી દેવું એ અત્યંત ગંભીર ગુનો ગણાય છે. આ કલમ અંતર્ગત આરોપી ચાલક સામે કોઈપણ પ્રકારની નરમાશ રાખ્યા વગર કડકમાં કડક દાખલારૂપ સજા થવી જ જોઈએ, જેથી ભવિષ્યમાં કોઈ આવી અક્ષમ્ય ભૂલ કરવાની હિંમત ન કરે. ઓવર-સાઈઝ સામાનની હેરફેર અને બેફામ સ્પીડના કારણે એક નિર્દોષ અને પ્રતિભાશાળી કલાકારનો ભોગ લેનાર ચાલકને કાયદા મુજબ મહત્તમ સજા મળવી જ જોઈએ.

## બિગ ટેક કંપનીઓમાં કપાતનો ખૌફનાક દોર: 1.80 લાખ ડોલરનો પગાર છોડીને ભૂતપૂર્વ ઇન્ટેલ એન્જિનિયરે શરૂ કર્યું પોતાનું સ્ટાર્ટઅપ!

અમદાવાદ

વિશ્વભરની દિગ્ગજ ટેક્નોલોજી કંપનીઓમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી વ્યાપક છટણી (Layoffs) એ હજારો તેજસ્વી એન્જિનિયર્સ અને પ્રોડક્ટ મેનેજર્સનું ભવિષ્ય અંધકારમય બનાવી દીધું છે. ગૂગલ (Google), મેટા (Meta), માઈક્રોસોફ્ટ (Microsoft) અને ઈન્ટેલ (Intel) જેવી વૈશ્વિક જાયન્ટ કંપનીઓમાંથી રાતોરાત રસ્તા પર ફેંકી દેવાયેલા કર્મચારીઓ માટે આજે નવી નોકરી મેળવવી એ કોઈ લોઢાના ચણા ચાવવા સમાન બની ગયું છે. લાખો-કરોડોનું પેકેજ મેળવનારા ટેચીઝ આજે બેરોજગારીના કાળસાગરમાં ગોથા ખાવા મજબૂર બન્યા છે. આ કડવી વાસ્તવિકતાનો ભોગ બનેલા આવા જ એક હાઈ-પ્રોફાઈલ કિસ્સામાં, ઈન્ટેલ કંપનીમાં 'ડેવલપર એડવોકેટ' તરીકે ફરજ બજાવતા અને વાર્ષિક મસમોટા \$1,80,000 (અથવા લાખો રૂપિયા) કમાતા શ્રીરામ રામાક્રિષ્નનને જુલાઈ 2025માં નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવ્યા હતા. અવિરત ૨૩ વર્ષ સુધી કંપનીને પોતાની વફાદારી અને કુશળતા આપ્યા બાદ અચાનક નોકરી છૂટી જવાથી તેમની અંગત ઓળખ અને આત્મવિશ્વાસને હચમચાવી નાખે તેવો મોટો આંચકો લાગ્યો હતો.

### નિવૃત્તિ બાદ એક્સ્ટેન્શનના ખેલ પર સવાલો

# કિડની હોસ્પિટલમાં ડૉ. પ્રાંજલ મોદીની તાનાશાહી અને કરોડોના કૌભાંડ સામે 'પાક્કો ગુજરાત'નો મોટો ધડાકો!!

ગાંધીનગર

ગુજરાતમાં ભાજપ પ્રમુખ સી.આ. પાટીલ દ્વારા અગાઉ સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી કે નિવૃત્તિ બાદ સરકારી કે અર્ધસરકારી હોદ્દાઓ પર એક્સટેન્શન ન આપવું જોઈએ, જેથી યુવાન પ્રતિભાશાળી યુવાનોને રોજગારી અને આગળ વધવાની તક મળી રહે. જો આ નિયમનું પાલન થાય તો તે ખરેખર ઉત્તમ વાત છે, પરંતુ જ્યારે વાત અમદાવાદની વિશ્વ વિખ્યાત કિડની હોસ્પિટલની આવે છે, ત્યારે આ નિયમો માત્ર કાગળ પર જ રહી જતા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કિડની હોસ્પિટલમાં ડૉ. પ્રાંજલ મોદીને એક્સટેન્શન આપીને ખાસ છૂટ આપવામાં આવી હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.




સૂત્રો પાસેથી મળતી અત્યંત ચોંકાવનારી વિગતો મુજબ, કિડની હોસ્પિટલમાં ડૉ. પ્રાંજલ મોદીનું વર્ચસ્વ એ હદનું છે કે તેમની ઉપર કોઈ જ નિયમ લાગુ પડતો નથી અને હોસ્પિટલમાં કથિત રીતે 'હિટલરશાહી' ચાલી રહી છે. હોસ્પિટલના સંચાલન માટે કેન્દ્ર સરકાર દ્વારા કરોડો રૂપિયાનું પીએમ ફંડ (PM Fund) ફાળવવામાં આવે છે, પરંતુ આટલા મોટા ભંડોળ સામે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી અને અંદરખાને કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે તેવા ગંભીર આક્ષેપો સૂત્રો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

જ્યારે કિડની હોસ્પિટલના આ કરોડો રૂપિયાના કૌભાંડ અને ગેરરીતિઓના અહેવાલો 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરમાં પ્રકાશિત કરવામાં આવ્યા, ત્યારે સત્તાધીશો અને હોસ્પિટલ પ્રશાસનમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. પોતાની કાળી કરતૂતો છુપાવવા માટે હદે તો ત્યારે પાર થઈ ગઈ જ્યારે અમારા પ્રતિનિધિ આ મામલે રિયાલિટી ચેક કરવા અથવા ગ્રાઉન્ડ રિપોર્ટ માટે હોસ્પિટલ પહોંચ્યા, ત્યારે તેમને અંદર પ્રવેશતા જ અટકાવી દેવામાં આવ્યા અને સુરક્ષા ગાર્ડ્સ દ્વારા ધમકીઓ આપવામાં આવી હતી!

શું ડૉ. પ્રાંજલ મોદી અને તેમનો વહીવટ એટલો શંકાસ્પદ છે કે 'પાક્કો ગુજરાત'ના સવાલોના જવાબ તેઓ આપી શકતા નથી? આ જ કારણોસર 'પાક્કો ગુજરાત'ના તંત્રી દ્વારા જ્યારે ડૉ. પ્રાંજલ મોદીને તેમના મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે તેમણે ફોન ઉપાડવાની કે જવાબ આપવાની જરૂર સુદ્ધાં સમજી નહોતી!

રાજકીય અને સામાજિક બેડામાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે ડૉ. પ્રાંજલ મોદી પર આરએસએસ (RSS) કે કોઈક મોટા પ્રભાવશાળી નેતાનો હાથ છે, જેના કારણે તેમના પર કોઈ કાયદાકીય કે ખાતાકીય આંચ આવતી નથી. જો દેશની જનતાના ટેક્સના પરસેવાની કમાણી અને પીએમ ફંડના નાણાંનો આ પ્રકારે દુરુપયોગ થતો રહેશે, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ભ્રષ્ટાચાર મુક્ત ભારત' અને પારદર્શક વહીવટના સપનાઓને મોટો ધક્કો લાગશે.

પાક્કો ગુજરાતનો સવાલ: શું પીએમઓ (PMO) આ મામલે સંજ્ઞાન લઈને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપશે? શું ગુજરાત સરકાર આ ભ્રષ્ટાચારના જંગ સામે કોઈ નક્કર પગલાં લેશે કે પછી ગુજરાતના સામાન્ય દર્દીઓ અને જનતાને આ ભ્રષ્ટાચારની ભઠ્ઠીમાં હોમાતા જોતી રહેશે? અમારો અવાજ હવે સીધો પ્રધાનમંત્રી કાર્યાલય સુધી પહોંચવો જ જોઈએ!

### રેલનગરના સાંધિયા પુલના બેરિકેટ્સ બન્યા વિવાદનું મૂળ!

## રાજકોટમાં ફરી ગરમાયું રાજકારણ : પદ્મિનીબા વાળા સામે ફરજ રૂકાવટનો ગુનો નોંધાતા હાહાકાર

રાજકોટ

રંગસાગર સમાન રાજકોટ શહેરમાં ફરી એકવાર રાજકીય અને સામાજિક ગરમાવો ટોચની સપાટીએ પહોંચ્યો છે. શહેરના રેલનગર વિસ્તારમાં અવર-જવર કરતા સામાન્ય નાગરિકો અને રાહદારીઓ માટે મુશ્કેલી રૂપ બનેલા ટ્રાફિક બેરિકેટ્સના વિરોધમાં મેદાને આવેલા જાણીતા આગેવાન પદ્મિનીબા વાળા સામે પોલીસે લાલ આંખ કરી છે. ટ્રાફિક પોલીસ પીઆઈ સરોજબેનની ફિયાદના આધારે પદ્મિનીબા વિરુદ્ધ 'ફરજ રૂકાવટ' (Government Duty Obstruction) નો ગુનો દાખલ કરવામાં આવતા સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, રાજકોટના રેલનગર વિસ્તારમાં આવેલ સાંધિયા પુલ (Sandhiya Pul) પાસેથી રોજબરોજ હજારોની સંખ્યામાં વાહનચાલકો અને સ્થાનિક લોકો અવર-જવર કરે છે. આ વિસ્તારમાં પોલીસ દ્વારા મૂકવામાં આવેલા બેરિકેટ્સ અને ટ્રાફિક વ્યવસ્થાના કારણે અવારનવાર ભારે ટ્રાફિકજામ સર્જાતો હતો અને રાહદારીઓ માટે આ બેરિકેટ્સ માથાના દુખાવા સમાન સાબિત થઈ રહ્યા હતા. સ્થાનિક લોકોની આ કાયમી હાલાકી અને મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને પદ્મિનીબા વાળાએ આ બેરિકેટ્સ સામે ખુલ્લો વિરોધ નોંધાવ્યો હતો અને લોકોના પ્રશ્ને અવાજુલું ઉઠાવ્યું હતું. સામાન્ય પ્રજાની વેદના અને ટ્રાફિકની સમસ્યા સામે અવાજ ઉઠાવવો



પદ્મિનીબા વાળાને ભારે પડ્યો છે. વિરોધ પ્રદર્શન વધતા તંત્ર હરકતમાં આવ્યું હતું અને ટ્રાફિક પોલીસ શાખાના પીઆઈ સરોજબેનની સત્તાવાર ફરિયાદના આધારે પદ્મિનીબા વિરુદ્ધ સરકારી ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી દેવામાં આવ્યો છે. પોલીસના આ કડક પગલાં બાદ ક્ષત્રિય સમાજ અને સ્થાનિક નાગરિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ છે. આ ઘટના સામે આવતા જ સોશિયલ મીડિયાથી લઈને રાજકીય ગલીઓમાં જોરદાર ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જનતાના હિત માટે અને ટ્રાફિકની અસુવિધા દૂર કરવા માટે રજૂઆત કરવા ગયેલા આગેવાન સામે પોલીસ ફરિયાદ દાખલ થવાથી લોકશાહીમાં અવાજ દબાવવામાં આવી રહ્યો છે કે કેમ?

### પોલીસ બેડામાં ભારે સનસની!

## વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશનમાં મોટો ધડાકો: તહેવારો ટાણે જ ડી-સ્ટાફ આખો વિખેરાયો

વડોદરા

ગુજરાતમાં તહેવારોની મોસમ શરૂ થઈ ચૂકી છે અને સુરક્ષા-વ્યવસ્થા ચુસ્ત રાખવાની જવાબદારી પોલીસની હોય છે, પરંતુ વડોદરા શહેરના સંવેદનશીલ ગણાતા માંજલપુર પોલીસ સ્ટેશનમાંથી એક એવા સમાચાર સામે આવ્યા છે ખાખી વર્દીધારીઓમાં જબરદસ્ત ભૂકંપ મચાવી દીધો છે. માંજલપુર પોલીસ સ્ટેશનના સમગ્ર ડી-સ્ટાફ (સ્ટેસ સર્વેલન્સ ટીમ) નું અચાનક વિસર્જન કરી દેવામાં આવ્યું છે. તહેવારોના માહોલ વચ્ચે નવી ટીમની રચના હજુ સુધી ન થતાં અનેક રહસ્યમય તર્કવિતર્કો અને ચર્ચાઓનું જોર પકડાયું છે.

પ્રાપ્ત થતી અત્યંત વિશ્વસનીય માહિતી મુજબ, માંજલપુર પોલીસ સ્ટેશન અગાઉ પણ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની ટ્રેપ અને લાંચની કાર્યવાહીને લઈને ચર્ચામાં રહ્યું હતું. પોલીસ સ્ટેશનમાં ગુનાખોરી ડામવા અને બાતમીદારોનું નેટવર્ક સંભાળવા માટે ડી-સ્ટાફની ભૂમિકા અત્યંત મહત્વની હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ટીમની કામગીરી શંકાના રામાં આવી ગઈ હતી.

અગાઉ આ જ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફ સાથે સંકળાયેલા વહીવટદાર લાંચના કેસમાં એસીબીના સકંજામાં ફસાયા હતા.

વિસ્તારમાં બેફામ ચાલતી બુટલેગરી અને ગેરકાયદે પ્રવૃત્તિઓ પર રોક લગાવવામાં ટીમ નિષ્ફળ રહી હતી.

તાજેતરમાં જ બનેલી મારામારીની એક ગંભીર ઘટનામાં ગુનો દાખલ ન કરવા અને શંકાસ્પદ રીતે પકડાયેલા શખ્સને છોડી મૂકવાના ખેલને કારણે મામલો યુ ટર્ન લઈ ગયો હતો.

પીઆઈ કે.એચ. ચૌધરીનો ખુલાસો: 'નવા ચહેરાઓને તક અપાશે'

આ સમગ્ર વિવાદ અંગે જ્યારે માંજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) કે.એચ. ચૌધરીનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, 'ડી-સ્ટાફની કામગીરી સંતોષકારક ન હોવાના કારણે તેનું વિસર્જન કરવામાં આવ્યું છે અને હવે નવા ચહેરાઓને તક આપવામાં આવશે.' ઉચ્ચ અધિકારીઓ અને પીએઈના આ કડક નિર્ણયથી ભ્રષ્ટ અને નિષ્ક્રિય તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

હવે સૌથી મોટો સવાલ એ ઉઠી રહ્યો છે કે તહેવારોની આ સિઝનમાં જ્યારે ગુનાખોરી અને અસામાજિક તત્વો પર બાજ નજર રાખવાની જરૂર છે, ત્યારે માંજલપુર પોલીસ સ્ટેશનમાં નવા ડી-સ્ટાફની રચના ક્યારે થશે? અને ખાખી વર્દીની આબરૂને ખરડનારા બદમાશો પર ક્યારે કાયદાનો સકંજો કસાશે?

### રાજકોટના પેઢલામાં GETCO સામે ખેડૂતોનો જબર વિરોધ

## 39 વર્ષ જૂના ટાવર લાઇનના રિપેરિંગ ટાણે માનવ સાંકળ રચી કામગીરી અટકાવી

રાજકોટ

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પેઢલા ગામે વિકાસ અને ઊર્જા વિતરણના નામે ખેડૂતો પર આવી પડેલી મુસીબત સામે અન્નદાતાઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. GETCO ની વીજ ટાવર લાઈનના રિપેરિંગને લઈને ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા છે અને હાથમાં દોરડા વડે માનવ સાંકળ રચીને તંત્રની કામગીરી સામે લોખંડી વિરોધ નોંધાવ્યો છે.

આશરે 39 વર્ષ પહેલાં જેતપુર-સાપુર વચ્ચે ખેડૂતોના ખેતરોમાંથી વીજ લાઈન પસાર કરવામાં આવી હતી અને જમીનમાં વીજ ટાવર ઊભા કરવામાં આવ્યા હતા. હાલમાં આ ટાવરના જમ્પરમાં ખામી સર્જાતા GETCO ના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ રિપેરિંગ



કરવા માટે સ્થળ પર પહોંચી હતી. પરંતુ, ખેતરોમાં ઊભેલા મોલ અને પાકને નુકસાન થવાની દહેશતથી ખેડૂતો એકત્ર થઈ ગયા હતા અને કામગીરી શરૂ થાય તે પહેલાં જ તેને અટકાવી દીધી હતી. આંદોલનકારી ખેડૂતો અને ખેડૂત આગેવાનો (જેવા કે ચેતન ગઢિયા અને રમેશભાઈ ઝાલા) એ તંત્ર સામે સવાલોનો મારો ચલાવ્યો છે: વળતર અને કરારનો અભાવ: ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે જ્યારે 39 વર્ષ પહેલાં આ લાઈન નાખવામાં આવી ત્યારે ખેડૂતોને કોઈ જ વળતર આપવામાં આવ્યું નહોતું અને ન તો કોઈ લેખિત કરાર કરવામાં આવ્યા હતા. નિયમોની અનદેખી: આજદિન સુધી કોઈ વળતર ચૂકવવામાં આવ્યું નથી તેમજ 25 વર્ષનો કરાર પણ થયો નથી કે તેનું રિન્યુઅલ કરાયું નથી. અધિકારીઓ પાસે કરાર કે વળતર ચૂકવ્યાના કોઈ જ પુરાવા ન હોવાનો ખેડૂતો દાવો કરી રહ્યા છે.

ઊભા પાકને નુકસાનની ભીતિ: જો અત્યારે રિપેરિંગ માટે મશીનરી કે કર્મચારીઓ ખેતરમાંથી પસાર થશે, તો ખેડૂતોનો પરસેવો પાડીને ઉછેરેલો ઊભો પાક બરબાદ થઈ જશે.

### રસોડા પર મોંઘવારીનો આતંક

## ડુંગળી, દાળ, તેલ અને લોટના ભાવો આસમાને પહોંચતા જનતા ત્રસ્ત

અમદાવાદ

દેશમાં હાલ રોજિંદી જરૂરી વસ્તુઓની અંકુશહીન મોંઘવારીએ મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોનું કમર તોડી નાખી છે. દાળ, ખાદ્ય તેલ, મસાલા, લોટ અને ડુંગળીના ભાવ એટલા આસમાન આંબી ગયા છે કે સામાન્ય પરિવારનું રસોડાનું બજેટ તૂટી ગયું છે. કાળાબજારીયાઓ અને સંગ્રહખોરો પર કડક અંકુશ લાવવામાં નિષ્ફળ રહેલી ભાજપ સરકાર સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી દ્વારા અત્યંત આક્રમક અને ધડાકાભેર નિવેદન જારી કરવામાં આવ્યું છે. વિકાસના મોટા-મોટા પોકળ નારા લગાવતી સરકારના રાજમાં ડુંગળીના ભાવ મે-૨૦૧૩માં ૨૩ રૂપિયા પ્રતિ કિલો હતા, જે વધીને ઓગસ્ટ ૨૦૨૬માં ૮૪ રૂપિયા પ્રતિ કિલો (૨૧૭.૩૯% નો જંગી વધારો) પહોંચી ગયા છે. એક તરફ ડુંગળી પકવનારા ખેડૂતોને યોગ્ય ભાવ મળતા નથી અને તેઓ રાતાપાણીએ રોવે છે, તો બીજી બાજુ સંગ્રહખોરો અને કાળાબજારીયાઓ બેફામ લૂંટ ચલાવી રહ્યા છે. ઓગસ્ટ ૨૦૨૬માં જથ્થાબંધ મોંઘવારી (WPI) ૯.૯૨ ટકા રહી છે, જ્યારે ઈંધણ અને વીજળી જૂથમાં આ દર ૨૨.૯૩ ટકા સુધી પહોંચી ગયો છે.

## 'મર્ડર કેસને અકસ્માતમાં ખપાવવા...': ઓલપાડના કોળી પટેલ યુવાનના મોતનું ઘાતક રહસ્ય અકબંધ, ન્યાય માટે પરિવારની લડાઈ તેજ!

### યુવાનના શંકાસ્પદ મોત પાછળ સઘન પ્રશ્નાર્થો: શું સોશિયગ કે કોઈ જૂની અદાવતમાં હત્યાને અકસ્માતનો રંગ આપવામાં આવ્યો? : પોલીસ તપાસ સામે ઉઠતા ગંભીર સવાલો, સાચી હકીકત બહાર લાવવા માટે સ્થાનિક આગેવાનો અને સમાજમાં પ્રબળ રોષ

સુરત/ઓલપાડ

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાના દાવાઓ વચ્ચે અપરાધીઓ કઈ ચાલાકીથી ગુનાને અંજામ આપીને છટકી જવાનો પ્રયાસ કરતા હોય છે, તેનું વધુ એક સનસનીખેજ પ્રકરણ સુરત જિલ્લાના ઓલપાડ વિસ્તારમાંથી સામે આવ્યું છે. ઓલપાડના એક કોળી પટેલ યુવાનના અચાનક અને રહસ્યમય સંજોગોમાં થયેલા મોત મામલે હવે રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. પરિવારે શરૂઆતથી જ આ ઘટનાને સામાન્ય અકસ્માત માનવાનો ઈન્કાર કરી દીધો છે અને ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે, 'આ કોઈ અકસ્માત નહીં, પરંતુ સોચી-સમજી રણનીતિ હેઠળ કરાયેલું મર્ડર છે અને તેને અકસ્માતમાં ખપાવવા માટે પુરાવાનો નાશ કરવાનો ખેલ રચાયો છે!' પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક કોળી પટેલ યુવાન અચાનક જ રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસ ચોપડે શરૂઆતમાં આ મામલે અકસ્માત મોત (Accidental Death) ની નોંધ કરવામાં આવી હતી, પરંતુ જ્યારે પરિવારે મૃતદેહ અને ઘટનાસ્થળની ગંભીરતાથી તપાસ કરી, ત્યારે શરીર પર થયેલી ઈજાઓ અને સંજોગો તરફથી તરફથી અનેક શંકાસ્પદ બાબતો બહાર આવી હતી. જો આ માત્ર અકસ્માત હતો, તો વાહનની ટક્કર વિના શરીર પર આ પ્રકારે ઘાતક નિશાન કેમ જોવા મળ્યા? ઘટનાસ્થળ પરથી મળેલા પુરાવાઓ કેમ શંકાના ઘેરામાં છે? શું કોઈ જૂની અદાવત કે અગાઉના વિવાદને કારણે આ ખૂની ખેલ ખેલાયો છે? આ તમામ સવાલો હાલ સ્થાનિક વિસ્તારમાં ચર્ચાના એરણે ચઢ્યા છે. આ કિસ્સામાં સ્થાનિક અગ્રણીઓ અને કોળી સમાજ દ્વારા પણ હવે પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે ઉગ્ર સૂર રેલાવવામાં આવી રહ્યા છે. જો પોલીસ તંત્ર દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક નિષ્પક્ષ તપાસ કરીને સાચું રિયલિટી ચેક બહાર નહીં લાવવામાં આવે, તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. એક નિર્દોષ યુવાનના જીવ જવા પાછળના અસલી ગુનેગારોને કાયદાના સકંજામાં લાવવા માટે હવે પોલીસ પર દબાણ વધતું જઈ રહ્યું છે.

# "સફેદ બુટ પહેરવાથી વિઠ્ઠલ રાદડિયા નથી બની જવાતું...!" જમીન સાથે જોડાયેલા નેતૃત્વની અસલી વ્યાખ્યા અને જનતાની પરખ

### લોકહૈયામાં સ્થાન મેળવવા માટે દેખાડાની નહીં, પરંતુ લોહિયાળ સંઘર્ષ અને જમીની સેવાની જરૂર છે



ગાંધીનગર

આજની રાજનીતિ અને સામાજિક પરિવેશમાં સોશિયલ મીડિયાના યુગ વચ્ચે એક લાઈન ખૂબ જ વાયરલ થઈ રહી છે અને જનતાના મોઢે સાંભળવા મળે છે– 'સફેદ બુટ પહેરવાથી કોઈ વિઠ્ઠલ રાદડિયા નથી બની જતું સાહેબ!' આ કોઈ સામાન્ય વાક્ય નથી, પરંતુ આજના કહેવાતા નેતાઓ અને આગેવાનો માટે એક સચોટ કટાક્ષ તેમજ કડવી વાસ્તવિકતા છે. આ એક એવું વાક્ય છે જે સાચી નેતાગીરી, લોકપ્રિયતા અને જનતા સાથેના અતૂટ સંબંધોની અસલી વ્યાખ્યા ખોલીને દિવગત પૂર્વ સાંસદ અને ગુજરાતના અડગ ખેડૂત નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાનું નામ પડે એટલે સૌરાષ્ટ્રની ધરા અને ખેડૂતોનું સ્વાભિમાન નજર સમક્ષ આવી જાય. વિઠ્ઠલભાઈએ જે લોકચાહના અને સન્માન મેળવ્યું હતું, તે રાતોરાત કે માત્ર પહેરવેશ બદલી નાખવાથી નથી મળ્યું. તેમની આગવી લોકશૈલી એવી હતી કે તેઓ ગમે તેવા મોટા હોદ્દા પર હોય, પણ સામાન્ય માણસની વચ્ચે જઈને તેમની ભાષામાં વાત કરતા. ખેડૂતો અને શ્રમિકોના દુઃખ-દર્દમાં ડગલે ને પગલે પડછાયાની જેમ સાથે રહેવાની તેમની તાકાત જ તેમને જનતાના અસલી 'દાદા' બનાવતી હતી. તેઓ જ્યારે ખેતરે કે ગરીબના ઝૂંપડે જતા, ત્યારે માત્ર ફોટા પડાવવા કે દેખાડો કરવા નહીં, પરંતુ પોતાના પરિવારના સભ્યની જેમ ઓટલે કે ખાટલે બેસતા અને તેમની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ લાવતા.

આજકાલના રાજકારણમાં એક નવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ઘણા યુવા અને મહત્વાકાંક્ષી નેતાઓ માત્ર ચૂંટણી કે પબ્લિસિટી સ્ટંટ માટે મોંઘા સફેદ વસ્ત્રો, ચળકતા સફેદ બુટ અને ફોર્મલ લુક અપનાવીને ગામડાઓમાં ફરી વળે છે.

તેમને લાગે છે કે આવો દેખાડો કરવાથી લોકો તેમને સ્વીકારી લેશે. પરંતુ, આજના જમાનાની જનતા ખૂબ જ જાગૃત છે.

માત્ર બાહ્ય દેખાવથી, મોંઘી ગાડીઓમાંથી ઉતરીને પળભર માટે હાથ હલાવી દેવાથી કોઈ જનતાના હૈયામાં સ્થાન નથી મેળવી શકતું. જનતાનો વિશ્વાસ જીતવા માટે એસી કેબિનો, હાઈ-ફાઈ હોટલો અને મોટા બંગલાઓની કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને વાસ્તવિક જમીન પર ઉતરવું પડે છે, તડકો વેઠવો પડે છે અને પ્રજાના પ્રશ્નો માટે લડવું પડે છે. ખેડૂતોના ખેતરે જઈને બિયારણ, ખાતર, પાણી કે પાક નિષ્ફળ જવાની વેદના પોતાની જાતે અનુભવે.

## સરપંચ પરના આક્ષેપોને લઈને સોશિયલ મીડિયામાં જંગ

# 'નિષ્પક્ષ તપાસ અને ડીએનએ ટેસ્ટ'ની માંગ સાથે સમર્થકો મેદાને!

ગાંધીનગર

રાજ્યના ગ્રામ્ય વિસ્તારો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર હાલ એક વિવાદાસ્પદ મામલો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. લોકપ્રતિનિધિ કે સરપંચ સામે થયેલા ગંભીર આક્ષેપો બાદ હવે સમર્થકો અને જાગૃત નાગરિકો દ્વારા ન્યાય અને પારદર્શક તપાસની માંગણી સાથે સોશિયલ મીડિયા પર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ થાય અને સાચું શું છે તે જનતા સમક્ષ આવે તેવી પ્રબળ માંગ ઉઠી રહી છે. મળતી વિગતો મુજબ, ચર્ચામાં રહેલા સરપંચભાઈ સામે કેટલાક આક્ષેપો કરવામાં આવ્યા છે, જેને લઈને તેમના સમર્થકો અને શુભચિંતકો આગળ આવ્યા છે. સમર્થકોનું માનવું છે કે માત્ર આક્ષેપોના આધારે જ કોઈ વ્યક્તિને ગુનેગાર કે દોષિત માની લેવો ન જોઈએ. સરપંચભાઈએ અગાઉ સમાજના અને ગામના વિકાસ માટે તથા જરૂરિયાતમંદોને અનેક વખત સાથ અને મદદ આપી છે, ત્યારે આ મામલે દૂધનું દૂધ અને પાણીનું પાણી થવું અનિવાર્ય છે. આ કેસમાં સત્ય બહાર લાવવા માટે અત્યંત આક્રમક માંગ કરવામાં આવી છે કે, જો જરૂર પડે તો ડીએનએ (DNA) ટેસ્ટ સહિતના તમામ વૈજ્ઞાનિક પુરાવાઓની સઘન અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે.

આ પ્રકરણમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા સંદેશાઓ અને નિવેદનોમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે ન્યાય હંમેશાં ત્રાજવાના પલ્લાં જોઈને નહીં, પરંતુ સત્ય અને મજબૂત પુરાવાઓના આધારે જ થવો જોઈએ.

## ભાવનગર લથાકાંડ બાદ પોલીસ બેડામાં ભારે ભૂકંપ

# IGP ગગનદીપ ગંભીરની લાલ આંખથી 100થી વધુ પોલીસકર્મીઓના માથે લટકી રહી છે તલવાર!

ભાવનગર

ગુજરાતમાં દારૂબંધીના કાગળ પરના દાવાઓ વચ્ચે જ્યારે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડતા હોય છે, ત્યારે રક્ષક જ ભક્ષક બને તેવા કિસ્સાઓ સામે આવે ત્યારે તંત્ર દ્વારા કેવી કડકાઈ દાખવવામાં આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ ભાવનગરથી સામે આવ્યું છે. ચકચારી બનેલા ભાવનગર લથાકાંડ (Latha Kand) બાદ હવે ગુજરાત પોલીસ હેડક્વાર્ટર અને ઉચ્ચ સ્તરેથી સખત કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. રેન્જ આઈજી (IGP) ગગનદીપ ગંભીર દ્વારા લેવાયેલા આક્રમક પગલાંઓને કારણે ભાવનગર પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે અને ૧૦૦થી વધુ પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ પર સસ્પેન્શન કે કડક ખાતાકીય કાર્યવાહીની તલવાર લટકી રહી છે. પ્રાપ્ત થતી અત્યંત વિશ્વસનીય વિગતો મુજબ, ભાવનગર વિસ્તારમાં લાંબા સમયથી ચાલતા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને બુટલેગરોના નેટવર્કને સ્થાનિક પોલીસની રહેમનજર કે મિલીભગત વગર ચલાવવું અશક્ય હતું. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને આઈજીપી ગગનદીપ ગંભીરે કમાન સંભાળતાની સાથે જ સઘન તપાસના આદેશ આપી દીધા છે. પ્રાથમિક તપાસમાં જે નામો સપાટી પર આવ્યા છે તેમાં ૧૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ જણાઈ રહી છે. જે પોલીસકર્મીઓની જવાબદારી જનતાની સુરક્ષા કરવાની અને ગુનાખોરી ડામવાની હતી, તે જ જો કાળા કારોબારમાં ભાગીદાર બનતા હોય તો તે સાંખી નહીં લેવાય તે સ્પષ્ટ સંદેશો આ કાર્યવાહી દ્વારા આપવામાં આવ્યો છે.

## સુરત મનપામાં ભ્રષ્ટાચારનો ગંજ પાયમાલ

# 5 ક્લાસ-1 અધિકારીઓ સામે તપાસ માટે ACBએ માંગી મંજૂરી!

સુરત

સુરત મહાનગરપાલિકા (SMC) ફરી એકવાર મોટા ભ્રષ્ટાચારના કાળસાગરમાં સપડાઈ હોય તેવા સનસનીખેજ અહેવાલો સામે આવી રહ્યા છે. સુરત મનપાના પાંચ જેટલા ઉચ્ચ હોદ્દા ધરાવતા ક્લાસ-1 (Class-1) અધિકારીઓની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. પાલિકામાં સ્ટ્રીટલાઈટ અને એલઈડી (LED) સપ્લાયના વિવાદાસ્પદ ટેન્ડરો તથા ગેરરીતિ મામલે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા આ પાંચેય અધિકારીઓ સામે કાયદેસરની તપાસનો ગાળિયો કસવા માટે સત્તાવાર મંજૂરી માંગવામાં આવી




છે. આ આખી ઘટના બહાર આવતા જ સુરતના વહીવટી તંત્રમાં મોટો નાશભાગ અને ફફડાટ મચી ગયો છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ, સુરત મનપા દ્વારા શહેરમાં સ્ટ્રીટલાઈટ નાખવા અને LED સપ્લાય કરવા માટે જે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હતા, તેમાં નિયમોને નેવે મૂકીને લાખો-કરોડો રૂપિયાની ગેરરીતિઓ આચરવામાં આવી હોવાની ગંભીર ફરિયાદો ઉઠવા પામી હતી. આ મામલે એસીબી (ACB) દ્વારા પ્રાથમિક સ્તરે કરવામાં આવેલી તપાસના તારણો બાદ હવે આ પાંચેય ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા અત્યંત શંકાસ્પદ જણાઈ રહી છે. આ ભ્રષ્ટાચારના મૂળ ક્યાં સુધી પહોંચેલા છે તે બહાર લાવવા માટે એસીબીએ ઊંડાણપૂર્વક ચોક્કસ તપાસ શરૂ કરવા કવાયત હાથ ધરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, એસીબીના નિશાના પર આવેલા આ પાંચ અધિકારીઓમાં સુરત મનપાના કેટલાક કુખ્યાત અને મહત્વના પદો પર રહેલા ક્લાસ-1 અધિકારીઓનો સમાવેશ થાય છે. અગાઉ પણ પાલિકાના કેટલાક ઈજનેરો અને અધિકારીઓ ભ્રષ્ટાચારના કેસમાં એસીબીના સકંજામાં આવી ચૂક્યા છે, ત્યારે હવે આ નવા ઘટસ્ફોટથી પાલિકાની પારદર્શક વહીવટી છબી પર મોટો કાળા ડાઘ લાગ્યો છે. નિયમ અનુસાર સરકારી કે મનપાના અધિકારીઓ સામે સીધી તપાસ કે કાર્યવાહી કરતા પહેલા સક્ષમ અધિકારી કે મ્યુનિસિપલ કમિશનર પાસેથી મંજૂરી લેવી અનિવાર્ય બને છે. એસીબી દ્વારા આ મંજૂરી માટે દરખાસ્ત મોકલવામાં આવતા જ હવે પાલિકાના આંતરિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે કે શું વહીવટી તંત્ર આ ભ્રષ્ટાચારીઓને બચાવશે કે પછી એસીબીને ખુલ્લો હાથ આપીને તપાસ આગળ વધારવા દેશે?

## TAT-S મુખ્ય પરીક્ષામાં નવો ચીલો

# AI, વિદ્યાર્થીઓનો માનસિક તણાવ અને જીવન ઘડતરના સવાલો પૂછાતા શિક્ષણ જગતમાં ભારે ચર્ચા!

ગાંધીનગર

રાજ્યમાં શિક્ષક બનવા માટે ઉમેદવારોએ માત્ર પુસ્તકીય જ્ઞાન અને ગોખણપટ્ટીથી કામ નહીં ચાલે, પરંતુ હવે વ્યવહારુ બુદ્ધિ અને આધુનિક યુગના પડકારોને ઝીલવાની ક્ષમતા પણ સાબિત કરવી પડશે! તાજેતરમાં લેવાયેલી TAT-S (Teachers Aptitude Test - Secondary) મુખ્ય પરીક્ષામાં શિક્ષણ બોર્ડ દ્વારા એક એવો ધમાકેદાર બદલાવ લાવવામાં આવ્યો છે, સમગ્ર શિક્ષણ જગતમાં હલચલ મચાવી દીધી છે. કઠોર સ્પર્ધા અને શિક્ષક બનવાના જોશ વચ્ચે રાજ્યભરમાં આ પરીક્ષા દરમિયાન ૯૩ ટકાથી વધુ જબરદસ્ત હાજરી નોંધાઈ હતી. આજની શિક્ષણ પદ્ધતિ માત્ર પુસ્તકો પૂરતી સીમિત નથી રહી, પરંતુ વિદ્યાર્થીઓ માનસિક દબાણ (Stress) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા આધુનિક પ્રવાહો વચ્ચે જીવી રહ્યા છે. આ જ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને TAT-S ની મુખ્ય પરીક્ષામાં અભ્યાસક્રમ ઉપરાંત અત્યંત રસપ્રદ અને સમયયોગી સવાલો પૂછવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓના માનસિક તણાવને દૂર કરવા માટે શિક્ષકની ભૂમિકા શી હોવી જોઈએ? આજના ટેક્નોલોજી અને AI (Artificial Intelligence) ના યુગમાં વિદ્યાર્થીઓનું ઘડતર કેવી રીતે કરવું? પુસ્તકીય જ્ઞાન ઉપરાંત જીવનઘડતરના પાયાના સિદ્ધાંતો વિદ્યાર્થીઓમાં કેવી રીતે સિંચવા? આવા સવાલોએ પરીક્ષાર્થીઓનું દિમાગ કસવા માટે મજબૂર કરી દીધા હતા. શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોનું માનવું છે કે અત્યાર સુધી પરીક્ષાઓમાં માત્ર સિદ્ધાંતો પૂછવામાં આવતા હતા, પરંતુ હવે સરકારે એવા ગુણવત્તાસભર શિક્ષકોની શોધ શરૂ કરી છે જેઓ વિદ્યાર્થીઓની માનસિક સ્થિતિને સમજી શકે અને તેમને જીવનના પડકારો સામે લડવા માટે તૈયાર કરી શકે.

## ઓહ જાદુ કે ભ્રષ્ટાચાર?

# જનતાના પ્રતિનિધિઓની સંપત્તિ કરોડોમાં, પણ સુરત મહાનગરપાલિકા પાસે ઝાડુ ખરીદવાના પણ પૈસા નથી!

સુરત

ગુજરાતના આર્થિક પાટનગર અને ડાયમંડ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરમાં હાલ રાજકારણ ગરમાગરમ થઈ ગયું છે. સુરત મહાનગરપાલિકા (SMC) ની આર્થિક સ્થિતિ અને વહીવટી તંત્રની કામગીરી સામે હવે સીધા સવાલો ઉઠાવતા રહસ્યમય અને આક્રમક પોસ્ટરો સુરતના વિવિધ વિસ્તારોમાં રાતોરાત વાયરલ થતાં ભારે ખળભળાટ મચી ગયો છે. શાસક પક્ષના દિજ નેતા અને સાંસદ સી.આર. પાટીલને નિશાન બનાવીને શરૂ થયેલા આ 'પોસ્ટર વોર' (Poster War) થી રાજકીય ગલીઓમાં ગરમાવો આવી ગયો છે.

સુરત શહેરમાં ચોક્કસ જગ્યાઓ પર ચોંટાડવામાં આવેલા આ પોસ્ટરોમાં અત્યંત તીખા અને કટાક્ષભર્યા શબ્દો લખવામાં આવ્યા છે. પોસ્ટરમાં સવાલ ઉઠાવવામાં આવ્યો છે કે, 'કોર્પોરેટર, ધારાસભ્ય અને સાંસદની સંપત્તિ આજે કરોડો રૂપિયામાં પહોંચી ગઈ છે, પરંતુ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) પાસે સાફ-સફાઈ માટે ઝાડુ ખરીદવાના પણ પૈસા નથી?' આ પ્રકારના સૂત્રો સાથે ભાજપના પ્રદેશ અધ્યક્ષ કે સાંસદ સી.આર. પાટીલ




વિરુદ્ધ સીધા પ્રહાર કરવામાં આવ્યા છે, જેને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

એક તરફ જ્યારે તંત્ર દ્વારા સ્માર્ટ સિટી અને વિકાસના મોટા-મોટા દાવા કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ પાલિકાની આર્થિક સ્થિતિ અને પાયાની સવલતો પર ઊભા થતા સવાલોએ સૌ કોઈને ચોંકાવી દીધા છે. નેતાઓની વધતી જતી અંગત સંપત્તિ અને સરકારી સંસ્થાઓની ખાલી થઈ રહેલી તિજોરી વચ્ચેની વિસંગતતાને આ પોસ્ટરોમાં ખૂબ જ આક્રમક રીતે ઉજાગર કરવામાં આવી છે.

# ગર્લ્સ હોસ્ટેલમાં સાથે રહેતી બે યુવતીઓની તકરારની અદાવતમાં હુમલો: અડાલજમાં કાફે નજીક યુવકોને માર મારી ચાર શખસો ફરાર

ગાંધીનગર

ગર્લ્સ હોસ્ટેલમાં સાથે રહેતી બે યુવતીઓ વચ્ચે અગાઉ થયેલી બોલાચાલી અને ઝઘડાની અદાવતના સમાધાન અર્થે ગાંધીનગરના અડાલજ ખાતે આવેલા લાસ્ટ સ્ટેશન કાફે એન્ડ ટી બાર પાસે બોલાવીને કેટલાક શખસોએ લોખંડની પાઈપ અને લાકડાના ધોકા વડે યુવકો પર હુમલો કર્યો હતો.આ લોહિયાળ હુમલામાં એક યુવકના માથાના 5 ટાંકા આવ્યા છે, જ્યારે અન્ય મિત્રોને પણ શારીરિક ઈજાઓ પહોંચી છે. આ અંગે અડાલજ પોલીસ મથકે ચાર શખસો સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના કેશવનગર વિસ્તારમાં રહેતા અને ગાંધીરોડ ખાતે ઈલેક્ટ્રિકનો વેપાર કરતા રોહિતભાઈ જગદીશભાઈ પટેલના મિત્ર મુકેશ ચૌધરીની ધર્મની બહેન જાનવી અને તેની ભૂતપૂર્વ રૂમ પાર્ટનર વૃતિ વચ્ચે ગાંધીનગરના સેક્ટર-16 ખાતે બોલાચાલી થઈ હતી. જાનવીને વૃતિ જેમ ફાવે તેમ બોલતી હોવાથી આ બાબતે વૃતિની માતા તનુજાબેનને ફોન કરીને સમજાવવા રજૂઆત કરવામાં આવી હતી.

## VHP અને બજરંગદળ દ્વારા ઉગ્ર વિરોધ!

# વડતાલના શ્રીજી આર્કેડમાં મદ્રેસા બનવાની આશંકાએ ગ્રામજનોમાં ભભૂક્યો રોષ

વડતાલ/ખેડા

ગુજરાતના જગપ્રસિદ્ધ યાત્રાધામ વડતાલની પવિત્ર ધરતી પર હાલ એક નવો અને ગંભીર વિવાદ સપાટી પર આવ્યો છે. વડતાલના પાદરે આવેલું 'શ્રીજી આર્કેડ' કોમ્પ્લેક્સ વિવાદના ભમરડામાં ફસાયું છે. આ કોમ્પ્લેક્સના માલિક દ્વારા ત્રીજા માળની આઠ દુકાનો મુસ્લિમ સમુદાયના લોકોને વેચાણ આપવામાં આવતા સ્થાનિકો અને હિન્દુ સંગઠનોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ દુકાનો શા માટે અને કયા હેતુસર વેચાઈ છે તે અંગે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા સઘન તપાસ કરવામાં આવતા ચોંકાવનારી વિગતો બહાર આવી છે, જેને લઈને ગ્રામજનો અને સંગઠનોમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે.




પ્રાપ્ત થતી વિગતો મુજબ, શ્રીજી આર્કેડ કોમ્પ્લેક્સની આઠ દુકાનો મુસ્લિમ સમુદાયને વેચાણ આપ્યા બાદ ત્યાં કથિત રીતે 'મદ્રેસા' બનાવવામાં આવનાર હોવાની માહિતી સામે આવી છે. આ વાત વાયુવેગે પ્રસરતા જ ગ્રામજનો ઉશ્કેરાઈ ગયા છે. જે ગામમાં મુસ્લિમ વસ્તી માંડ ૧ ટકા જેટલી પણ નથી, તેવા યાત્રાધામ વિસ્તારમાં અચાનક મદ્રેસા બનાવવાની પેરવી કયા ઈરાદાથી થઈ રહી છે? તેવા ગંભીર સવાલો હવે લોકમુખે ચર્ચાઈ રહ્યા છે.

આ ગંભીર મામલાને લઈને વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકર્તાઓ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયા છે. આ સંગઠનો દ્વારા આ સમગ્ર પ્રકરણનો અત્યંત આક્રમક અંદાજમાં વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

વિરોધના ભાગરૂપે કોમ્પ્લેક્સની બહાર સ્પષ્ટ શબ્દોમાં બેનરો અને પોસ્ટરો લગાવી દેવામાં આવ્યા છે કે, 'આ જગ્યા મદ્રેસા બનાવવા માટે વેચાણ આપવામાં આવી હોય, હિન્દુ સમાજ તેનો સખત વિરોધ કરે છે.' આ પગલાંથી સમગ્ર વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત અને તણાવપૂર્ણ શાંતિ જેવું વાતાવરણ સર્જાયું છે. સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ, ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી આ પ્રકારના વિવાદો અને પ્રવૃત્તિઓ સતત સામે આવી રહી છે.

# વડોદરાના કરજણ APMCની ચૂંટણી રદ થવાથી રાજકારણમાં ભૂકંપ: ભાજપના જ બે જૂથો વચ્ચેના ઘર્ષણથી 'રામ ભરોસે' ચાલતી બજાર સમિતિ!

### ધારાસભ્ય અક્ષય પટેલ અને પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલની આગેવાનીમાં વર્ચસ્વની લડાઈ વકરતા ચૂંટણી મોકૂફ રખાઈ

વડોદરા

ગુજરાતમાં સહકારી ક્ષેત્ર અને માર્કેટ યાર્ડ્સ પર કબજો જમાવવા માટે રાજકારણીઓ કઈ હદ સુધી જઈ શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં જોવા મળ્યું છે. કરજણ APMC (એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી) ની અત્યંત સંવેદનશીલ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી અચાનક જ રદ કરી દેવામાં આવી છે. રજિસ્ટ્રાર દ્વારા તેને 'અંગત કારણોસર' મોકૂફ રાખવામાં આવ્યાનું સત્તાવાર કારણ અપાયું છે, પરંતુ અંદરખાને જે રમત ચાલી રહી છે તેણે રાજકીય ગલીઓમાં ભારે હાહાકાર મચાવી દીધો છે. સૂત્રો પાસેથી મળતી અત્યંત વિશ્વસનીય માહિતી મુજબ, કરજણના વર્તમાન ધારાસભ્ય અક્ષય પટેલ અને પૂર્વ ધારાસભ્ય સતીશ પટેલની આગેવાની હેઠળ ભાજપના જ બે શક્તિશાળી જૂથો વચ્ચે APMC પર વર્ચસ્વ જમાવવા માટે ખુલ્લો જંગ જામ્યો હતો. સ્થિતિ એવી સર્જાઈ હતી કે જો ચૂંટણી યોજાત તો સત્તાવાર ભાજપના મેન્ડેટ સામે જ બળવો થાત અને ભાજપના જ ઉમેદવારની હાર નિશ્ચિત હતી. પોતાની જ શાખ બચાવવા અને ખુરશી સરકી જવાની બીકથી ભાજપના દિજોના ઈશારે આ ચૂંટણીને કટોકટીની ઘડીએ મોકૂફ રાખવામાં આવી હોવાની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. એક તરફ સત્તા અને પદની લાલસામાં નેતાઓ આડેધડ આક્ષેપબાજી કરી રહ્યા છે, તો બીજી તરફ અન્નદાતા ગણાતા ખેડૂતોના પ્રશ્નો અને હિતોને ધોવાણમાં કાઢી નાખવામાં આવ્યા છે. APMC જેવી સંસ્થાઓ જો રાજકીય અડ્ડા બની જાય અને 'રામ ભરોસે' ચાલે, તો ખેડૂતોએ પોતાની ઉપજના વેચાણ માટે કોના પર ભરોસો કરવો? તે એક મોટો સવાલ છે. એકબીજા પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવી રહેલા આ નેતાઓ આખી વ્યવસ્થાને દાવ પર લગાવી રહ્યા છે. આ સમગ્ર પ્રકરણથી સ્થાનિક જનતા અને ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો છે. જનતામાં ચર્ચા થઈ રહી છે કે નેતાઓ પોતાના અંગત સ્વાર્થ અને રાજકીય રોટલા શેકવા માટે આખી બજાર સમિતિને બાનમાં લઈ રહ્યા છે અને 'કોલસાની દલાલીમાં હાથ કાળા' કરી રહ્યા છે.

## જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ અને વારસાઈ નોંધ જેવી મહત્વની કામગીરી અટકી પડતા સામાન્ય જનતા મુશ્કેલીમાં

# ગુજરાતમાં સરકારી કર્મચારીઓનો હુંકાર: સિટી સર્વેની હડતાળ અને ગ્રામસેવકોના બહિષ્કારથી વહીવટી તંત્ર ઠપ્પ!

ગાંધીનગર

ગુજરાતભરમાં સરકારી કર્મચારીઓમાં વ્યાપેલો રોષ હવે ખુલ્લા વિરોધ અને આંદોલનમાં ફેરવાઈ ગયો છે. લાંબા સમયથી પડતર રહેલી માંગણીઓ સરકાર દ્વારા સ્વીકારવામાં ન આવતા આખરે રાજ્યના કર્મચારીઓએ સરકાર સામે મોરચો ખોલી દીધો છે. એક તરફ સિટી સર્વેના કર્મચારીઓએ અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે, તો બીજી તરફ ગ્રામસેવકોએ પણ



ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કરીને સરકારની ચિંતામાં મોટો વધારો કરી દીધો છે. કર્મચારીઓના આ ઉગ્ર આંદોલનને કારણે રાજ્યભરની સરકારી કચેરીઓમાં વહીવટી કામગીરી પર ભારે વિપરીત અસર જોવા મળી રહી છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર, સિટી સર્વે વિભાગના કર્મચારીઓએ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને અચોક્કસ મુદતની હડતાળનું એલાન કર્યું છે. જેના કારણે શહેરી વિસ્તારોમાં જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ કઢાવવા, સિટી સર્વેના દાખલાઓ મેળવવા તેમજ મિલકતના દસ્તાવેજોને લગતી હજારો અરજીઓ લટકતી પડી છે. રોજબરોજ કચેરીઓ ધક્કા ખાતા અરજદારોને ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે. માત્ર સિટી સર્વે જ નહીં, પરંતુ ગ્રામીણસ્તરે પાયાની કામગીરી સંભાળતા ગ્રામસેવકો પણ આ લડાઈમાં મેદાને આવ્યા છે. ગ્રામસેવકોએ સરકારી પોર્ટલ પર કરવામાં આવતી તમામ ઓનલાઈન કામગીરીનો સદંતર બહિષ્કાર કરી દીધો છે. તેમની મુખ્ય માંગણીઓમાં સમયસર પગાર અને ગ્રેડ પેમાં સુધારા સહિતના પડતર પ્રશ્નોનો સમાવેશ થાય છે.

## તંત્રી લેખ...

# નવરાત્રિની ખુશીઓ પર સાયબર ફ્રોડ અને ફેક 'ગરબા પાર્ટનર' નું મોટું ગ્રહણ: સાવધાન ગુજરાત!

નવરાત્રિ એટલે ગુજરાતની અસ્મિતા, માં શક્તિની આરાધના અને ભક્તિ-સંગીતનો મહાસાગર. નવરાત્રિના નવ દિવસો દરમિયાન આખું ગુજરાત ગરબાના તાલે ઝૂમી ઉઠે છે, ખેલૈયાઓમાં અદ્ભુત ઉત્સાહ જોવા મળે છે. પરંતુ, આ પવિત્ર અને સાંસ્કૃતિક મહાપર્વની આડમાં સોશિયલ મીડિયા પર એક અત્યંત ખતરનાક, ઘાતક અને મોટું કૌભાંડ (Cyber Scam) સક્રિય થઈ ચૂક્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ જેવા કે ઈન્સ્ટાગ્રામ, ફેસબુક અને Snapchat પર 'ઓનલાઈન ગરબા પાર્ટનર' (Online Garba Partner) શોધવાની મોસમી ફેશન હવે યુવાધન માટે જીવલેણ અને બદનામીનું કારણ બની રહી છે.

રાજ્યભરની સાયબર ક્રાઈમ બ્રાન્ચે આ પ્રકારના શંકાસ્પદ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ અને ઓનલાઈન રેકેટ પર તીખી નજર રાખી છે. ગુજરાતના ગરબા રસિકો, ખાસ કરીને યુવક-યુવતીઓ અને તેમના વાલીઓ માટે આ એક અત્યંત ગંભીર ચેતવણી છે.

### 1. કેવું છે આ સોશિયલ મીડિયા 'ગરબા પાર્ટનર' કૌભાંડ? (કાવતરાની જાળ)

આજના ડિજિટલ યુગમાં છેતરપિંડી કરનારા ઠગો નવરાત્રિ જેવા તહેવારોને કેશ કરવા માટે અવનવા કીમિયા અપનાવે છે:




આકર્ષક અને ભ્રામક જાહેરાતો: ઈન્સ્ટાગ્રામ પર 'Need a Garba Partner?', 'VIP Garba Passes', કે 'High-Profile Event Companion' જેવા આકર્ષક પેજ અને રીલ્સ બનાવીને યુવાનોને આકર્ષવામાં આવે છે.

મીઠી વાતો અને વિશ્વાસઘાત: એકવાર કોઈ યુવક કે યુવતી આ જાહેરાતોના સંપર્કમાં આવે, એટલે ઠગો તેમની સાથે સોશિયલ મીડિયા ચેટ કે વોટ્સએપ પર મીઠી વાતો કરી વિશ્વાસ કેળવે છે.

હનીટ્રેપ અને અશ્લીલ વિડિયો કોલ: મિત્રતાના નામે ધીમે-ધીમે વાતોનો દોર અક્ષમ્ય હદ સુધી લઈ જઈને વિડિયો કોલ કરવાનું કહેવામાં આવે છે, અને આ કોલ કે ચેટની ગુપ્ત રીતે સ્ક્રીન રેકોર્ડિંગ કરી લેવામાં આવે છે.

બ્લેકમેઈલિંગ અને ખંડણી: એકવાર વિડિયો કે ફોટા રેકોર્ડ થઈ જાય પછી ઠગો અસલી રૂપમાં આવે છે. તેઓ સોશિયલ મીડિયા પર આ વિડિયો વાયરલ કરવાની ધમકી આપીને લાખો રૂપિયાની ખંડણી માંગે છે, જેના કારણે અનેક યુવાનો માનસિક તાણ અને ડિપ્રેશનનો ભોગ બને છે.

### 2. રૂબરૂ મળવા જતી વખતે રાખવાની અત્યંત સાવધાની: અવાવરુ જગ્યાઓનું ઘાતક જોખમ

આ કૌભાંડનું સૌથી મોટું પાસું એ છે કે સોશિયલ મીડિયા પર અજાણ્યા વ્યક્તિ સાથે મિત્રતા થયા બાદ તેને 'ગરબા રમવા માટે રૂબરૂ મળવા' બોલાવવામાં આવે છે. નિર્જન અને અવાવરુ સ્થળો: છેતરપિંડી કરનાર કે ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો અજાણ્યા યુવક કે યુવતીઓને મળવા માટે કોઈ નિર્જન, અવાવરુ જગ્યા, હોટલ કે ફાર્મહાઉસ પસંદ કરે છે.

જાનમાલનું જોખમ: આવી અવાવરુ જગ્યાએ જવું એ સીધેસીધું મોત અથવા ગંભીર અપરાધને આમંત્રણ આપવા સમાન છે. ભૂતકાળમાં પણ સોશિયલ મીડિયાના માધ્યમથી બોલાવીને લૂંટફાટ, અપહરણ, દુષ્કર્મ કે જીવલેણ હુમલા થયાના અનેક કિસ્સા સામે આવ્યા છે. અજાણ્યાઓ પર અંધભરોસોઘાતક: ગમે તેવી આકર્ષક વાતો કરનાર વ્યક્તિ હોય, પણ સોશિયલ મીડિયાના મિત્ર પર આંખ બંધ કરીને ભરોસો કરવો અને રૂબરૂ મળવા એકલા જવું પરિવાર માટે કાળઝાળ સાબિત થઈ શકે છે.

### 3. આર્થિક છેતરપિંડી (Financial Fraud)

ફક્ત માનસિક કે શારીરિક જોખમ જ નહીં, પરંતુ આ કૌભાંડીઓ આર્થિક રીતે પણ લોકોને લૂંટે છે:

વીઆઈપી ગરબા પાસ, એન્ટ્રી ટિકિટ કે કોન્સર્ટના નામે એડવાન્સ પેમેન્ટ ઓનલાઈન ટ્રાન્સફર કરાવવામાં આવે છે.

પૈસા જમા થતાંની સાથે જ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવે છે અથવા ફોન બંધ કરી દેવામાં આવે છે. ગરબાના નામે હજારો રૂપિયા પડાવીને ઠગો રફૂચક્કર થઈ જાય છે.

### 4. સમાજ અને પરિવાર માટે લાલબત્તી સમાન કિસ્સો: જાગૃતિ જ બચાવ છે

ગુજરાતની સંસ્કૃતિમાં ગરબા એ શ્રદ્ધા, ઉલ્લાસ અને પરિવાર સાથે બેસીને માણવાનો ઉત્સવ છે. પરંતુ આજની યુવા પેઢીએ એ સમજવું પડશે કે ક્ષણિક રોમાંચ, આધુનિક દેખાડો કે સોશિયલ મીડિયા પર લાઈક્સ અને ફોલોઅર્સ મેળવવાની ઘેલછા કેટલી ભારે પડી શકે છે.

છોકરીઓ અને યુવતીઓ માટે વિશેષ સંદેશ: સમાજમાં દીકરીઓની સુરક્ષા અને ઈજ્જતનું ધ્યાન કોઈ બીજું રાખવા નહીં આવે, પરંતુ આપણી ઈજ્જત અને સુરક્ષાની જવાબદારી ખુદ આપણી પોતાની છે. સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકોની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારવી, તેમની સાથે ચેટ કરવી કે ઓનલાઈન ગરબા પાર્ટનર શોધવા જેવી હરકતોથી સદંતર દૂર રહેવું જોઈએ.

વાલીઓની જવાબદારી: માતા-પિતાએ પણ પોતાના સંતાનો (ખાસ કરીને કિશોરાવસ્થા અને યુવાવસ્થાના સંતાનો) સોશિયલ મીડિયા પર કોની સાથે ચેટ કરે છે અને ક્યાં જાય છે તેના પર સતર્ક નજર રાખવી અનિવાર્ય છે.

### નિષ્કર્ષ અને સાયબર હેલ્પલાઈન

રાજ્યભરની સાયબર ક્રાઈમ પોલીસ આ તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર કડક બાજ નજર રાખી રહી છે અને આગામી દિવસોમાં કાયદેસરના સકંજામાં લઈને સખત કાર્યવાહી પણ કરશે. પરંતુ કાયદાની સાથે-સાથે જનજાગૃતિ સૌથી મોટું હથિયાર છે. જો કોઈ વ્યક્તિ આ પ્રકારના સાયબર ફ્રોડનો ભોગ બને અથવા કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ ધ્યાને આવે, તો જરાય ડર્યા વગર તુરંત જ તમારા પરિવારને જાણ કરો અને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર અથવા cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવો.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# પ્રોટોકોલની દીવાલો તોડી, રાષ્ટ્ર માટે સર્વોચ્ચ સન્માન

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું આ પગલું દેશ માટે એક જીવંત મિસાલ!

- રાષ્ટ્ર અને પ્રજાની રક્ષામાં અપનોને ખોનારા શહીદ પરિવારોનાં ચરણ વંદન કરતી નજરે પડી દેશની સર્વોચ્ચ સંવેદના
- નેતાઓ, વહીવટી બેડા અને સામાન્ય નાગરિકો માટે આ ઘટના કર્તવ્યબોધનો સૌથી મોટો પાઠ છે



નવી દિલ્હી/વિશેષ અહેવાલ

આ દુનિયામાં અપનોને ખોવાનું દુ:ખ શું હોય છે, તે એ જ પરિવાર જાણે છે જેનો કોઈ દીપક દેશની સરહદો કે આંતરિક સુરક્ષાની રક્ષા કરતા કરતા હંમેશાં માટે બુઝાઈ જાય છે. આવા જ વીર શહીદોના પરિજનોને સન્માનિત કરવા માટે જ્યારે દેશના મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના પદની ગરિમા અને પ્રોટોકોલની પકિતાઓને બાજુ પર મૂકીને ખુદ ચાલીને આગળ કદમ વધાર્યો, ત્યારે આ દ્રશ્ય માત્ર એક ઔપચારિકતા નહીં, પરંતુ રાષ્ટ્રની સાચી શ્રદ્ધાંજલિ બની ગયું.

પ્રોટોકોલથી ઉપર ઉઠી રાષ્ટ્રપતિની સંવેદનાઓ

સામાન્ય રીતે દેશના સર્વોચ્ચ બંધારણીય પદો પર બેઠેલા વિશિષ્ટ મહાનુભાવો માટે નક્કી કરેલા પ્રોટોકોલ અને સુરક્ષા ઘેરા હોય છે, જેના દાયરામાં રહીને જ તેમણે ચાલવાનું હોય છે. પરંતુ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ તમામ રેખાઓ અને મર્યાદાઓને પાછળ છોડીને એ સાબિત કરી દીધું કે રાષ્ટ્ર માટે સર્વસ્વ ન્યોછાવર કરનારા શહીદોના પરિજનોથી મોટો આ દેશમાં કોઈ પ્રોટોકોલ હોઈ શકે નહીં. તેમણે ખુદ પોતાની જગ્યા પરથી ઊભા થઈને, મંચ કે નક્કી કરેલા દાયરાની ઔપચારિકતાને તોડીને શહીદ પરિવારોની પાસે જઈને તેમને જે માન-સન્માન આપ્યું, તેણે ત્યાં હાજર દરેક શખ્સની આંખો ભીની કરી દીધી.

જેમણે રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ હોમી દીધું

જેમણે પોતાના ઘરનો દીકરો, પોતાની કોખનો પુત્ર, કોઈએ પોતાની દીકરી, કોઈએ પોતાના શિરનો તાજ (પતિ), તો કોઈએ પોતાનો ભાઈ કે બહેન દેશની રક્ષા ખાતર કુર્બાન કરી દીધા, તે પરિવારો સમાજ અને રાષ્ટ્રની સૌથી અમૂલ્ય મૂડી છે. જ્યારે આવા શોકગ્રસ્ત અને ગૌરવવંતા પરિવારોને દેશના સર્વોચ્ચ પદ પર બેઠેલી વ્યક્તિ દ્વારા આ સ્તરનું આત્મીય સન્માન મળે છે, ત્યારે તે તેમના ઘા પર મલમનું કામ તો કરે જ છે, સાથે સાથે આખા દેશને એ શ પણ આપે છે કે આખું રાષ્ટ્ર તેમની સાથે ખડેપગે ઊભું છે.

નેતાઓ, સરકારી તંત્ર અને સમાજ માટે એક આઈનો અને શીખ

આજના સમયમાં જ્યારે ઘણીવાર રાજકીય અને વહીવટી માહોલમાં પ્રોટોકોલ અને અહંકારને સર્વોપરી માની લેવામાં આવે છે, ત્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું આ આચરણ દરેક લોકપ્રતિનિધિ, સરકારી કર્મચારી અને સામાન્ય નાગરિક માટે એક અરીસો છે. આ ઘટના આપણને શીખવે છે કે ખુરશી અને પદ અસ્થાયી છે, પરંતુ દેશ અને શહીદો પ્રત્યેની કૃતજ્ઞતાની ભાવના જ સૌથી મોટી માનવીય અને રાષ્ટ્રીય મૂડી છે.

પાક્કો ગુજરાતનો વિશેષ દ્રષ્ટિકોણ: રાષ્ટ્રની સુરક્ષા માટે પોતાની પેઢીઓને હોમી દેનારા શહીદ પરિવારોનું સન્માન જ દેશની અસલી તાકાત છે. રાષ્ટ્રપતિનું આ પગલું માત્ર એક સમાચાર નથી, પરંતુ દરેક ભારતીયના હૃદયમાં દેશભક્તિ અને સંવેદનાઓને ઝંકૃત કરી દેનારો એક પ્રસંગ છે. માનવું કે ન માનવું તે આપની સોચ પર નિર્ભર હોઈ શકે છે, પરંતુ આ સનાતન સત્ય છે કે શહીદ અને તેમના પરિવારો આ દેશના અસલી નાયક છે.

# કચ્છના વોંધ ખાતે રામદેવપીરના સુપ્રસિદ્ધ મેળામાં ઉમટશે શ્રદ્ધાળુઓનો માનવમહેરામણ




કચ્છના ભચાઉ તાલુકાના વોંધ નજીક આવેલા શ્રી રામદેવપીર મંદિરના પવિત્ર પ્રાંગણમાં તા. 22 સપ્ટેમ્બર, 2026ના રોજ રામદેવપીરનો સુપ્રસિદ્ધ મેળો પરંપરાગત ધાર્મિક શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે યોજાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ મેળામાં આસપાસના ગામો તેમજ કચ્છના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની અપેક્ષા છે.

રામદેવપીર પ્રત્યે કચ્છવાસીઓમાં વિશેષ આસ્થા અને શ્રદ્ધા જોવા મળે છે. કચ્છના અનેક વિસ્તારોમાં રામદેવપીરના મંદિરો સાથે લોકઆસ્થા જોડાયેલી છે અને ભક્તો વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શન-પૂજન કરી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે.

વોંધ નજીક યોજાનારા આ મેળામાં વહેલી સવારથી જ ભક્તજનોના આગમનનો પ્રારંભ થશે. શ્રદ્ધાળુઓ રામદેવપીરના દર્શન કરી પૂજા-અર્ચના કરશે તેમજ ધજા-પતાકા ચઢાવી પોતાની મનોકામનાઓ પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરશે. મંદિર પરિસર ભક્તિગીતો, જયઘોષ અને ધાર્મિક માહોલથી ગુંજી ઊઠશે.

મેળાના સ્થળે વિવિધ પ્રકારની ચીજવસ્તુઓના સ્ટોલ, રમકડાં, ઘરવપરાશની વસ્તુઓ, ધાર્મિક સામગ્રી તેમજ ખાણીપીણીના સ્ટોલો પણ ઊભા કરવામાં આવશે. બાળકો અને પરિવારો માટે મેળાનું વાતાવરણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. કચ્છની લોકસંસ્કૃતિ અને ગ્રામ્ય જીવનની ઝલક પણ આ મેળામાં જોવા મળશે.

રામદેવપીરના મેળાનું વિશેષ મહત્વ માત્ર ધાર્મિક શ્રદ્ધા પૂરતું સીમિત નથી. આવા મેળાઓ લોકો વચ્ચે સામાજિક એકતા, પરસ્પર ભાઈચારો અને આપસી સંબંધોને વધુ મજબૂત બનાવવાનું કાર્ય કરે છે. વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો પરિવારજનો અને સ્નેહીજનો સાથે મેળામાં ઉપસ્થિત રહી ધાર્મિક આસ્થા સાથે આનંદની પળો માણે છે.

મેળાને ધ્યાનમાં રાખીને મંદિર પરિસર તથા આસપાસના વિસ્તારમાં શ્રદ્ધાળુઓની અવરજવર વધશે. દૂર-દૂરથી આવતા ભક્તોને કોઈ અગવડ ન પડે તે માટે સ્થાનિક સ્તરે જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવે તેવી પણ અપેક્ષા છે.

કચ્છની ધરતી પર શ્રદ્ધા, સંસ્કૃતિ અને લોકપરંપરાનો સુંદર સમન્વય દર્શાવતો વોંધનો રામદેવપીર મેળો દર વર્ષે ભક્તો માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર બને છે. તા. 22 સપ્ટેમ્બરના રોજ યોજાનારા આ મેળામાં 'રામદેવપીર મહારાજની જય'ના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ઊઠશે.

**- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# હોર્મુઝ સંકટે દુનિયાની નબળાઈ છતી કરી

દુનિયાના ઊર્જા પુરવઠાનો સૌથી મહત્ત્વનો દરિયાઈ માર્ગ એટલે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ', જ્યાંથી દરરોજ આશરે 2.1 કરોડ બેરલ (21 મિલિયન બેરલ) તેલ પસાર થાય છે. વર્ષ 2026માં આ માર્ગ પર સર્જાયેલા સંકટે સ્પષ્ટ કરી દીધું છે કે અહીં ઊભી થતી સમસ્યા માત્ર પેટ્રોલ-ડીઝલના ભાવ પૂરતી સીમિત નથી રહેતી, પરંતુ સમગ્ર વિશ્વના ઉદ્યોગો અને અર્થતંત્રને હચમચાવી મૂકે છે. મેકિન્ઝી ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ (MGI)ના અહેવાલ મુજબ, સંકટના પીક સમયે વિશ્વની લગભગ 14% ક્રૂડ ઓઈલ અને ગેસ સપ્લાય ખોરવાઈ ગઈ હતી. આ આંચકો 1970ના દાયકાના મોટા ઓઈલ શોક કરતાં બમણાથી પણ વધુ અને 2022ના રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન થયેલા નુકસાન કરતાં આશરે છ ઘણો મોટો હતો. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી દરરોજ 16 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ અને 5 મિલિયન બેરલ રિફાઈન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ વહન થાય છે. સંકટ દરમિયાન વૈશ્વિક બજારે ઓછો વપરાશ, વૈકલ્પિક રૂટ્સ, અગાઉથી સંગ્રહાયેલો સ્ટોક અને ટ્રેડ ફ્લોમાં ફેરફાર કરીને પરિસ્થિતિને થાળે પાડવા પ્રયાસ કર્યો હતો.

## દેશના વિવિધ ભાગોમાં વિરોધ શરૂ

# રૂ. 2000 થી વધુના પેટ્રોલની ખરીદી કરશો તો UPI થી પેમેન્ટ નહીં સ્વીકારીએ....

નવી દિલ્હી

દેશના વિવિધ ભાગોમાં UPI પેમેન્ટ પર MDR ચાર્જને લઈને વિરોધ જોવા મળી રહ્યો છે. જ્યારે સરકારનું કહેવું છે કે સામાન્ય માણસ પર એક પણ રૂપિયાનો બોજ નાખવામાં આવશે નહીં. માત્ર મોટા ટ્રાન્ઝેક્શન રૂપિયા 2000થી વધુ પર મોટા મર્ચન્ટને 0.40 ટકા MDR લાગશે. એટલે કે રૂપિયા 3000ના UPI પર મર્ચન્ટને રૂપિયા 12નો MDR લાગશે. મધ્ય પ્રદેશના પેટ્રોલ પંપ પર UPI સ્વીકારવાનો ઈનકાર દેશના ઘણા ભાગોમાં સરકારના આ નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે, કેટલાક લોકોમાં MDRના નિયમને લઈને કન્ફ્યુઝન પણ છે. આ દરમિયાન મધ્ય પ્રદેશના પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશને જાહેરાત કરી છે કે તેઓ 16 ઓક્ટોબરથી રૂપિયા 2000થી વધુની પેટ્રોલ-ડીઝલની ખરીદી પર UPI ચૂકવણી સ્વીકારશે નહીં. મધ્ય પ્રદેશ પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશનના પ્રમુખે નિવેદન બહાર પાડીને કહ્યું કે- જો સરકાર MDR પાછો નહીં ખેંચે, તો સંગઠનના સભ્યોએ 16 ઓક્ટોબરથી પોતાના પેટ્રોલ પંપો પર રૂપિયા 2000થી વધુનું UPI ચૂકવણું સ્વીકાર ન કરવાનો નિર્ણય લીધો છે. ફક્ત રોકડું પેમેન્ટ જ થશે. પેટ્રોલ પંપ માલિકોને દર મહિને ભારે આર્થિક નુકસાનની ભીતિ મધ્ય પ્રદેશ પેટ્રોલ પંપ ડીલર્સ એસોસિએશનના પ્રમુખનું માનીએ તો નવી વ્યવસ્થા હેઠળ એક પેટ્રોલ પંપને દર મહિને આશરે રૂપિયા 17,700નું નુકસાન સહન કરવું પડશે. કારણ કે પહેલેથી જ અમારું માર્જિન ઓછું છે, તેથી અમે આ વધારાનો ખર્ચ ઉઠાવી શકીએ તેમ નથી. વેપારીઓ પર લાગુ થનારા નવા MDR ચાર્જના નિયમો જણાવી દઈએ કે, 15 ઓક્ટોબરથી વેપારીને કરવામાં આવતા રૂપિયા 2000થી વધુના UPI ચૂકવણા પર 0.4 ટકાની MDR ફી લાગુ થઈ જશે. આ MDR ફીની ચૂકવણી ગ્રાહકે કરવાની રહેશે નહીં, તેની ચૂકવણી વેપારીઓ કરશે. રૂપિયા 2000થી વધુના પેટ્રોલ-ડીઝલ કે CNGની ખરીદી પર રૂપિયા 5નો ફિક્સ MDR લાગશે. તેથી વેપારીઓ UPIથી ચૂકવણી સ્વીકારવા પર MDR ફી વસૂલવામાં આવવાના વિરોધમાં આવી ગયા છે. આવશ્યક સેવાઓ પર લાગુ થશે 5 રૂપિયાનો ફ્લેટ MDR રેલવે ટિકિટ, પેટ્રોલ પંપ, વીમો અને ટેલિકોમ જેવી આવશ્યક સેવાઓ પર ટકાવારીના આધારે ચાર્જ લગાવવાને બદલે માત્ર 5 રૂપિયાનો ફ્લેટ MDR નક્કી કરવામાં આવ્યો છે. તેનો સીધો અર્થ એ છે કે જો તમે રૂપિયા 2,000થી વધુની કોઈ પણ ચૂકવણી (ભલે રૂપિયા 2500નું પેટ્રોલ પુરાવો કે રૂપિયા 50,000નું વીમા પ્રીમિયમ ભરો) UPIથી કરો છો, તો મર્ચન્ટ પર માત્ર રૂપિયા 5નો ફિક્સ્ડ ચાર્જ લાગશે.

# મેડિકલ સાધનોની ખુલ્લેઆમ લૂંટ પર લગામ કસવા મહારાષ્ટ્ર FDAની લાલ આંખ

## શું સરકારે પ્રોફિટ માર્જિન પર નક્કી કરવી જોઈએ મર્યાદા?

**- દર્દીઓને લૂંટતા મેડિકલ માફિયાઓ સામે કેન્દ્ર સરકારની NPPA સમક્ષ કડક કાયદો બનાવવાની પ્રબળ માંગ**

**- અસહ્ય મોંઘા સ્ટેન્ટ, ઈમ્પ્લાન્ટ્સ અને સર્જિકલ સાધનોના નામે ચાલતી કાળી કમાણી સામે જનતામાં ઉગ્ર રોષ**

અમદાવાદ/મુંબઈ

કોઈપણ વ્યક્તિ બીમાર પડે ત્યારે તેની આર્થિક કમર તોડવા માટે હોસ્પિટલો અને મેડિકલ સ્ટોર્સના બિલ જ કાફી હોય છે. સામાન્ય જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરીને લાખો રૂપિયાની ખંડણી વસૂલતા મેડિકલ ક્ષેત્રના આ કાળા કારોબાર સામે હવે તંત્ર દ્વારા સકંજા કસવાની શરૂઆત થઈ ગઈ છે. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (FDA) અને વરિષ્ઠ આઈએએસ અધિકારી તુકારામ મુંડે દ્વારા કેન્દ્ર સરકારની નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) ને એક સત્તાવાર પત્ર લખીને મેડિકલ ઉપકરણો (Medical Devices) ના પ્રોફિટ માર્જિન પર કડક મર્યાદા નક્કી કરવા માટે કાયદો બનાવવાની માંગ કરવામાં આવી છે, જેને લઈને સમગ્ર દેશમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે.

### શું મેડિકલ સાધનોના નામે ચાલી રહી છે અસલી લૂંટ?

આજે સ્થિતિ એવી છે કે જે મેડિકલ સાધનો કે સર્જિકલ ઉપકરણો ખૂબ જ ઓછા ભાવે તૈયાર થતા હોય છે, તે દર્દીઓને અસંખ્ય ગણા ઊંચા ભાવે વેચવામાં આવે છે. હાર્ટ સ્ટેન્ટ્સ, જોઈન્ટ રિપ્લેસમેન્ટ ઈમ્પ્લાન્ટ્સ અને અન્ય જીવનરક્ષક સાધનો પર હોસ્પિટલો અને ડિસ્ટ્રીબ્યુટર્સ દ્વારા ૩૦૦ થી ૫૦૦ ટકા સુધીનો નફો વસૂલવામાં આવે છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો હોસ્પિટલના બિલ ચૂકવવા માટે ઘર-જમીન વેચવા મજબૂર બને છે. આ આર્થિક લૂંટને અટકાવવા માટે જ હવે કડક કાયદાકીય નિયંત્રણોની અનિવાર્યતા ઊભી થઈ છે.

શું સરકારે કિંમતો નક્કી કરવી જોઈએ?

સવાલ એ થાય છે કે શું સરકારે દવાની જેમ મેડિકલ સાધનોના ભાવ અને પ્રોફિટ માર્જિન પર પણ લગામ કસવી જોઈએ? જવાબ સ્પષ્ટ છે - હા! જો સરકારે સમયસર આ મામલે હસ્તક્ષેપ કરીને કડક નીતિ નહીં બનાવી, તો હોસ્પિટલો અને મેડિકલ માફિયાઓની ભૂખ ક્યારેય સંતોષાશે નહીં. દર્દીના જીવ બચાવવાના નામે ચાલતી આ વેપારી ધૂમ મચાવતી લૂંટ સામે હવે કેન્દ્ર સરકારે આરપારની લડાઈના મૂડમાં આવીને કાયદો બનાવવો જ પડશે.

પાક્કો ગુજરાતનો સવાલ: સ્વાસ્થ્ય જેવી મૂળભૂત બાબતમાં થઈ રહેલી આ ખુલ્લી લૂંટ ક્યારે અટકશે? શું સરકાર આ માફિયાઓ સામે કડક પગલાં લેશે?

# ટ્રેન 9 કલાક મોડી પડી એટલે મુસાફરે કર્યો કેસ, હવે રેલવે ચૂકવશે 35000 રૂપિયા વળતર

નવી દિલ્હી

ટ્રેનની ટિકિટ લઈને મુસાફરી શરૂ કરનાર મુસાફર માટે વિલંબનો અર્થ માત્ર થોડી મિનિટો કે કલાકોની રાહ જોવી જ નથી હોતો. ઘણીવાર તેના કારણે આગળનું આખું આયોજન ખોરવાઈ જાય છે, જરૂરી કામો ચૂકી જવાય છે, અને કલાકો સુધી સ્ટેશન કે ટ્રેનમાં જ સમય વિતાવવો પડે છે.

જો આવો વિલંબ ખૂબ લાંબો હોય અને રેલવે તેનું નક્કર કારણ પણ ન આપી શકે, તો શું મુસાફર વળતરની માંગ કરી શકે છે? ઝારખંડના એક કેસમાં કન્ઝ્યુમર કમિશનના ચુકાદાએ આ સવાલને ફરી ચર્ચામાં લાવી દીધો છે. આ મામલો 23 સપ્ટેમ્બર 2024નો છે. સંજય કુમારે ટાટાનગરથી સંબલપુર જવા માટે '12871 ઈસ્પાત એક્સપ્રેસ'માં બે સ્લીપર ટિકિટ બુક કરાવી હતી. ટ્રેનને સવારે 10:18 વાગ્યે ટાટાનગરથી રવાના થવાનું હતું અને તે જ દિવસે સાંજે 3:50 વાગ્યે સંબલપુર પહોંચવાનું હતું. પરંતુ ટ્રેન નિયત સમયે ગંતવ્ય સ્થાને પહોંચી ન હતી. સંબલપુર પહોંચવામાં તેને 528 મિનિટ એટલે કે લગભગ 9 કલાકનો વિલંબ થયો હતો. આ લાંબા વિલંબ બાદ મુસાફરે રેલવે સામે કાનૂની કાર્યવાહીનો રસ્તો અપનાવ્યો છે.




પાક્કો ગુજરાત
મંગળવાર | 22 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

# જેતપુરપાવીમાં બાયપાસ સર્વે સામે જનઆક્રોશ: ખેડૂતો, વેપારીઓ અને કબ્રસ્તાન બચાવવા મામલતદાર કચેરીએ દેખાવો

## સૂચિત રૂટ સીધો ખેડૂતોની ફળદ્રુપ અને ઉત્તમ જમીનોમાંથી પસાર થતો હોવાથી અન્નદાતાઓ સામે આજીવિકાનું સંકટ ઊભું થયું છે



પાવીજેતપુર, ઇમરાન મિર્ઝા

પાવીજેતપુર તાલુકામાં નેશનલ હાઈવે નંબર-56 ના પ્રસ્તાવિત બાયપાસ માટે ચાલી રહેલી સર્વેની કામગીરી સામે સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો અને વેપારીઓમાં ભારે ભડકો જોવા મળ્યો છે. વિકાસના નામે પોતાની વર્ષો જૂની મિલકતો, રોજીરોટી અને આસ્થાનાં કેન્દ્રો છીનવાઈ જવાની દહેશતથી રોષે ભરાયેલા લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તંત્ર સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

આ મામલે 'સમસ્ત એકતા સમાજ'ના બેનર હેઠળ મોટી સંખ્યામાં ગ્રામજનો, ખેડૂતો અને વેપારીઓ પાવીજેતપુર મામલતદાર કચેરી ખાતે એકત્ર થયા હતા. હાથમાં વિરોધ દર્શાવતા બેનરો અને સૂત્રોચ્ચાર સાથે સરકારી તંત્ર અને નેશનલ હાઈવે ઓથોરિટી સામે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. મામલતદાર કચેરી 'સર્વે બંધ કરો, રૂટ બદલો' ના નારાઓથી ગુંજી ઉઠ્યો હતો. આંદોલનકારીઓએ તંત્ર સમક્ષ કેટલાક ગંભીર આક્ષેપો કર્યા છે. સૂચિત રૂટ સીધો ખેડૂતોની ફળદ્રુપ અને ઉત્તમ જમીનોમાંથી પસાર થતો હોવાથી અન્નદાતાઓ સામે આજીવિકાનું સંકટ ઊભું થયું છે. બાયપાસના કારણે અસંખ્ય નાના-મોટા વેપારીઓની દુકાનો અને વ્યાપારી સંકુલો કપાતમાં જવાની પૂરી શક્યતા છે, જેનાથી વેપારીઓ પાયમાલ થઈ જશે.

આસ્થાને ઠેસ: સ્થાનિક લોકોની ધાર્મિક અને સામાજિક લાગણીઓ સાથે જોડાયેલ કબ્રસ્તાનની જમીન પણ આ રૂટની અડફેટમાં આવતી હોવાથી ગ્રામજનોમાં ભારે લાગણી દુભાઈ છે. 'અમને દેશ અને વિસ્તારના વિકાસ સામે કોઈ જ વિરોધ નથી, પરંતુ વિકાસ એવો ન હોવો જોઈએ જે ગરીબ ખેડૂતો અને વેપારીઓનું જીવન બરબાદ કરી નાખે. જો આ રૂટ બદલવામાં નહીં આવે તો અમારે નાછૂટકે ઉગ્ર આંદોલન કરવું પડશે.' - સ્થાનિક આગેવાનનો રોષ સમગ્ર સ્થિતિને ધ્યાને રાખીને, સમસ્ત એકતા સમાજ અને ગ્રામજનો દ્વારા પાવીજેતપુર મામલતદારને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે: 1. તાત્કાલિક ધોરણે નેશનલ હાઈવે-56 ના બાયપાસની હાલની સર્વે કામગીરી સ્થગિત કરવામાં આવે. 2. વૈકલ્પિક રૂટની પસંદગી કરવામાં આવે જેથી ખેતરો, દુકાનો અને કબ્રસ્તાન સુરક્ષિત રહે. 3. જો તંત્ર દ્વારા આ મામલે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

આ વિરોધ પ્રદર્શન અને આવેદનપત્રને પગલે પાવીજેતપુર પંથકની રાજકીય અને સામાજિક ગલિયારોમાં ભારે ચર્ચા જાગી છે.

3 મહિનામાં ત્રીજો અકસ્માત

# સાધલીમાં મદીના મસ્જિદ પાસે ટેમ્પો-બાઇક સામસામે અથડાયાં



સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે મદીના મસ્જિદ સામે ગામમાંથી આવતા છોટા હાથી ટેમ્પો તથા બજારમાંથી ગામમાં જતી મોટરસાયકલ વચ્ચે સામ સામે અકસ્માત પણ કોઈ જાનહાની થયેલ નથી. ગ્રામ પંચાયત દ્વારા સાધલી મુકામે હાલ વિકાસના અવિરત કામો ચાલી રહ્યા છે અને ફળ સ્વરૂપ પંચાયત ઓફિસથી બજારમાં આવવાનો રસ્તો પેવર બ્લોક થી ખૂબ જ સરસ બને છે, અને તળાવની પાળ ખુલ્લી થવાથી વાહન ચાલકો આ રસ્તા ઉપર બેફામ રીતે ગાડીઓ ચલાવી રહ્યા છે. અને જેના કારણે આજરોજ તારીખ 21 સપ્ટેમ્બર 2026 બપોરના આશરે સવા 10 કલાકના અરસામાં ગામમાંથી આવી રહેલ છોટા હાથી ટેમ્પો જેને મદીના મસ્જિદ થી બજાર તરફ આવવાનું હતું અને બજાર તરફથી મોટરસાયકલ ચાલક રાજુને ગામમાં જવાનું હતું, તે બંને સામસામે અથડાતા બાઈક ચાલકને સામાન્ય મૂઢમાર વાગે છે , મોટરસાયકલને થયેલ નુકસાન સામેવાળાએ આપવાનું કબુલેલ છે, જેથી કોઈ ફરિયાદ કરવામાં આવી નથી.

અકસ્માત સમયે લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા, અને આ રસ્તા ઉપર પંચાયત દ્વારા સ્પીડ બ્રેકરો મુકાય એવી ચર્ચા કરી રહ્યા હતા. કારણ કે આ સ્થળે ત્રણ રસ્તા ભેગા થાય છે.અને અગાઉ પણ અકસ્માતો થયા છે, તારીખ 25 જૂન ના રોજ હિટાચી મશીન ના ડ્રાઈવરે તળાવની પાળ ઉપરનાં આસોપાલવના વૃક્ષને પાવડો વાગતા આસોપાલવ સિમેન્ટના પોલ પર પડતા પોલ તૂટી જતા બાઈક પર બેઠેલી એક મહિલાને વાગ્યું હતું.

સરકારી નોકરીના નામે રૂ. 20 લાખની ઠગાઈ

# છોટાઉદેપુર એસપી અને પાનવડ પોલીસની કુનેહથી અરજદારને પૂરેપૂરી રકમ પરત મળી..

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના પાનવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઠગાઈ અને વિશ્વાસઘાતનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો હતો, જેમાં પોલીસે સમયસૂચકતા અને કુનેહપૂર્વક કામગીરી કરીને અરજદારના ડૂબેલા રૂ. 20 લાખ પરત અપાવી ન્યાય અપાવ્યો છે.

રણભૂનઘાટી પાસે રહેતા અરજદાર છત્રસિંહ રાઠવાને તેમના પુત્રને સરકારી નોકરી અપાવવાની લાલચ આપવામાં આવી હતી.



ગાંધીનગર ખાતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં વર્ગ-2 ના અધિકારી તરીકે ફરજ બજાવતા મહેશ મથુર રાઠવા નામના શખ્સે પાનવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિટિંગ કરી હતી. તેણે અરજદારને ખોટો ભરોસો અને વિશ્વાસ અપાવી ત્રણેક વર્ષ પહેલા રૂ. 20 લાખની રકમ મેળવી લીધી હતી. જોકે, સમય વીતવા છતાં પુત્રને નોકરી મળી ન હતી. જ્યારે અરજદારે પોતાના નાણાં પરત માગ્યા ત્યારે સામેવાળા શખ્સ દ્વારા પૈસા આપવા બાબતે આનાકાની અને બહાનાબાજી કરવામાં આવતી હતી. આખરે છેતરપિંડીનો ભોગ બનેલા છત્રસિંહ રાઠવાએ ન્યાય માટે છોટાઉદેપુર જિલ્લા પોલીસ વડા ઈમ્તિયાઝભાઈ શેખ (SP) નો સંપર્ક કર્યો હતો. અરજીની ગંભીરતાને ધ્યાને લઈને છોટાઉદેપુર જિલ્લા એસપી શ્રી ઈમ્તિયાઝ શેખે આ બાબતે વ્યક્તિગત ધ્યાન આપ્યું હતું. તેમણે પાનવડ પોલીસ સ્ટેશનના પીઆઈ આર. કે. પરમારને આ કેસમાં ત્વરિત અને પરિણામલક્ષી કાર્યવાહી કરવા કડક સૂચના આપી હતી.

# સાધલીની 3 સસ્તા અનાજની દુકાનો 10 મહિનાથી બંધ, 90 દિવસનો મોકુફ હુકમ છતાં પરવાના શરૂ ન થયા

સાધલી, હસમુખ પટેલ

વડોદરા જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા સાધલીની ત્રણ સસ્તા અનાજની દુકાનોના પરવાના તારીખ 7 ઓગસ્ટ 2025 ના રોજ હુકમ કરી 90 દિવસ માટે મોકુફ રાખેલા, તેના 90 દિવસ પૂરા થયા,અને સાડા દશ મહિના ઉપરાંત સમય થયો હોવા છતાં પણ હજુ સુધી દુકાનો ચાલુ થઈ નથી. જેથી શંકા ની તોય અધિકારી તરફ જાય છે.

વડોદરા જિલ્લા પુરવઠા પરવાના અધિકારી જી.એન. દેસાઈ દ્વારા તારીખ 7 ઓગસ્ટ 2025 ના રોજ જથ્થામાં તફાવત (વધઘટ)) માલુમ પડતાં સાધલીના ત્રણ વેપારીઓ 1, રાઠોડ સબીરભાઈ ઈશબભાઈ ,2 ,રાઠોડ નિયામતખાં દિલાવરખાં અને 3, સૈયદ સોયેબહુસેન લિયાકતઅલીની દુકાનોના પરવાના તાત્કાલિક અસરથી 90 દિવસ પુરાની મુદત માટે વચગાળાનો મોકુફી હુકમ કર્યો હતો.

મામલતદાર, શિનોર દ્વારા ત્રણેય દુકાનોના રેશનકાર્ડ ધારકો માટે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તારીખ 7 નવેમ્બર 2025 ના રોજ 90 દિવસની મુદત પૂરી થઈ ગઈ હતી અને આજે સાડા દશ મહિના ઉપરાંતનો સમય થયો છે , છતાં પણ પુરવઠા અધિકારી વડોદરા દ્વારા પોતે કરેલા હુકમનું પાલન કરતા નથી અને આજે પણ આ 3 દુકાનો બંધ છે ,જેના કારણે એકજ દુકાનદાર પર અતિશય ભારણ વધી જતાં ઘણીવાર ગ્રાહકોને અગવડતામાં મુકાવવુ પડે છે.

# ઉનાના કોબ ગામે પરિવાર પર આભ ફાટ્યું : પાક. જેલમાંથી માછીમારનો મૃતદેહ વતન પહોંચ્યો

ઉના, જીતેન્દ્ર શિયાળ

પાકિસ્તાનની કરાચી સ્થિત હોસ્પિટલમાં બીજલભાઈનું સારવાર દરમિયાન તા. 25 ઓગસ્ટના રોજ અવસાન થયું હોવાની માહિતી પરિવારજનોને મળી હતી. જોકે, શરૂઆતમાં ભારતીય તંત્ર તરફથી તેમના મૃત્યુ અંગે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી ન હતી. બાદમાં મૃતદેહ ભારત સરકારને સોંપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મોરબી ફિશરીઝ વિભાગના અધિકારી મહેશભાઈ દાફડા તથા આસિસ્ટન્ટ કે.એચ. ચારણ અમૃતસર બોર્ડર પર મૃતદેહ સ્વીકારવા પહોંચ્યા હતા. મૃતદેહ દિલ્હીથી અમદાવાદ એરપોર્ટ લાવવામાં આવ્યા બાદ



એમ્બ્યુલન્સ મારફતે કોબ ગામે લાવવામાં આવ્યો હતો. મોડી રાત્રે આશરે 1:30 વાગ્યે મૃતદેહ ઘરે પહોંચતા પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો, સરપંચ સહિતના આગેવાનો અને સગાંસંબંધીઓ અંતિમ દર્શન માટે ઉપસ્થિત રહ્યા હતા.પુત્ર પણ પાકિસ્તાનની જેલમાં પરિવારજનોના જણાવ્યા મુજબ, બીજલભાઈના ચાર પુત્રો ચેતનભાઈ, અશ્વિનભાઈ, માનસિંગભાઈ અને ભાવેશભાઈ માછીમારીના વ્યવસાય સાથે જોડાયેલા છે.

તેમના પુત્ર અશ્વિનભાઈ પણ પાકિસ્તાનની જેલમાં હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ તા. 7 ફેબ્રુઆરી 2022ના રોજ અશ્વિનભાઈ સાથે સંપર્કમાં આવેલી માહિતી તથા પિતાના બીમારીના કારણે અવસાન અંગેનો પત્ર, વોઈસ ક્લિપ પરિવાર સુધી પહોંચ્યા હોવાનું જણાવાયું હતું. . બીપી અને ડાયાબિટીસની બીમારી હતી બીજલભાઈને બ્લડપ્રેશર અને ડાયાબિટીસની બીમારી હોવાનું પરિવારજનો જણાવી રહ્યા છે. પુત્ર પાકિસ્તાનની જેલમાં હોવાથી પિતાની અંતિમયાત્રામાં હાજર રહી શક્યો નહીં અને અર્થીને કાંધ પણ આપી શક્યો નહીં, જેને લઈને પરિવારજનોમાં ભારે દુઃખ જોવા મળ્યું હતું.

# ઘરઆંગણે રમતા 9 વર્ષના દિપ પર ધસી પડી દિવાલ, કાટમાળ નીચે દબાઈ મોત



નિકોરા

નિકોરા ગામમાં ઘરઆંગણે અન્ય બાળકો સાથે રમતા ધોરણ-2માં અભ્યાસ કરતા 9 વર્ષીય દિપ સચિનભાઈ પટેલ પર અચાનક ઘરની બાજુમાં આવેલી જર્જરિત દિવાલ ધસી પડતાં કરૂણ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારજનો અને આસપાસના લોકોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મળતી માહિતી મુજબ, નર્મદા નદીના કિનારે આવેલા નિકોરા ગામમાં દિપ ગઈકાલે પોતાના ઘરઆંગણે અન્ય બાળકો સાથે રમી રહ્યો હતો. દરમિયાન ઘરની બાજુમાં આવેલી જર્જરિત દિવાલ અચાનક ધરાશાયી થઈ હતી અને દિપ કાટમાળ નીચે દબાઈ ગયો હતો. દિવાલ ધરાશાયી થતાં આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને કાટમાળ હટાવી દિપને બહાર કાઢવા પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે, કાટમાળ નીચે દબાઈ જવાથી દિપનું મોત નીપજ્યું હતું. માત્ર 9 વર્ષની વયે દિપનું અકાળે મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. બનાવને પગલે ગામમાં શોકનો માહોલ છવાયો હતો અને જર્જરિત દિવાલોની સુરક્ષા અંગે પણ ચિંતા વ્યક્ત થઈ હતી.

બરડાના રીણાવાડા ગામમાં

# સ્ટ્રીટ લાઇટના અજવાળે રમતા જુગારધામ પર બગવદર પોલીસનો દરોડો

## રૂ.21,130નો મુદ્દામાલ કબજે; ત્રણ મહિલાઓ પોલીસ દરોડા દરમિયાન નાસી છૂટી

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

શ્રાવણ માસ પૂર્ણ થઈ ગયો હોવા છતાં જિલ્લામાં જુગારની પ્રવૃત્તિઓ યથાવત્ જોવા મળી રહી છે. દારૂ તથા જુગારની બદી સામે પોરબંદર જિલ્લા પોલીસ દ્વારા ચાલી રહેલી ઝુંબેશના ભાગરૂપે બગવદર પોલીસે રીણાવાડા ગામે દરોડો પાડી જાહેરમાં ગંજીપાનાં વડે પૈસાની હારજીતનો જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા હતા.જોકે જુગાર રમતી ત્રણ મહિલાઓ નાસી જવામાં સફળ રહી હતી.પોલીસે સ્થળ પરથી કુલ રૂ. ૨૧,૧૩૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ જાડેજા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચનાના અનુસંધાને પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુના માર્ગદર્શન હેઠળ બગવદર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એ. ઝાલાની દેખરેખમાં પોલીસ સ્ટાફ દ્વારા જુગાર વિરોધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બગવદર પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન એ. એસ.આઈ. એચ.ડી. સીસોદીયાને બાતમી મળી હતી કે, રીણાવાડા ગામે રબારીકેડા વિસ્તારમાં કચરા પરબતભાઈ મોઢવાડીયાના મકાન પાસે રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે કેટલાક ઈસમો જાહેરમાં પત્તા વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી દરોડો પાડતાં પાંચ શખ્સો જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી જેમાં *કચરા પરબતભાઈ મોઢવાડીયા (ઉ.વ. ૪૦, રહે. રીણાવાડા), રાજુ છગનભાઈ ઓડેદરા (ઉ.વ. ૪૫), પ્રતાપ પોપટભાઈ સુત્રેજા (ઉ.વ. ૩૦), રાહુલ કેશુભાઈ સુડાસમા (ઉ.વ. ૩૦) તથા રાજુ ભુરાભાઈ કુછડીયા (ઉ.વ. ૪૨, રહે. કુછડી ગામ, કાદા વિસ્તાર)*ને ઝડપી પાડ્યા હતા.

દરમિયાન જુગાર રમતી ત્રણ મહિલાઓ સંતોકબેન જયમલભાઈ નથુભાઈ ઓડેદરા (ઉ.વ. ૫૦), મધુબેન કરશનભાઈ સાંગાભાઈ કુછડીયા (ઉ.વ. ૫૫) તથા રૂપીબેન લાખાભાઈ બચુભાઈ ઓડેદરા (ઉ.વ. ૪૮) પોલીસના દરોડા દરમિયાન નાસી છૂટતાં પોલીસે તમામ વિરુદ્ધ બગવદર પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રેમલગ્નનો ખાર રાખી નવવધૂના ઘરે લાકડીઓ સાથે ત્રાટકેલા ટોળાનો આતંક : છત્રાલમાં પિયરીયાઓએ હદ વટાવી

ગાંધીનગર

ગાંધીનગર કલોલ તાલુકાના છત્રાલ ગામની માવલકૃપા સોસાયટીમાં રવિવારે(20 સપ્ટેમ્બર) રાત્રે પ્રેમલગ્નની અદાવતમાં હિંસક હુમલાની ઘટના સામે આવી છે. પરિવારની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કરનાર યુવતી અને તેના સાસરિયાઓ પર યુવતીના કાકાના મિત્રો અને અજાણ્યા શખસોએ લાકડીઓ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સમગ્ર મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ચાર થી પાંચ શખસો વિરુધ ગુનો નોંધવામાં આવ્યો છે.

કલોલના છત્રાલમાં 23 વર્ષીય નિકીતા પટેલે ગત 13 માર્ચના રોજ પરિવારની મરજી વિરુદ્ધ જઈને દીવ્યાંગ રજનીશભાઈ પટેલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્ન બાદ આ નવદંપતી છત્રાલ ખાતે સાસરીમાં રહેતું હતું. ગઈકાલે રાત્રે નિકીતા તેના સાસુ સુનિતાબેન અને સસરા રજનીશભાઈ સાથે ઘરમાં જમવા બેઠી હતી. ત્યારે નંબર પ્લેટ વગરની કાળા રંગની સ્કોર્પિયો ગાડીમાં આવેલા હુમલાખોરોએ ધમાલ મચાવી હતી.

જે પૈકી મોઢે રૂમાલ બાંધેલા એક અજાણ્યા શખસ સાથે ઘરમાં ઘૂસેલા શંભુજી ઠાકોર (રહે. ધોળાકુવા) અને મુકેશભાઈ જીવાભાઈ વાણવોટીયાએ (રહે. મોટા કાલાવડ, ભાણવડ, દેવભૂમિ દ્વારકા) નિકીતા સાથે જપાજપી કરી હતી. હુમલાખોરોએ યુવતીને બળજબરીથી પોતાની સાથે આવવા દબાણ કર્યું હતું.

વૉર્ડ-10માં રોડ, સફાઇ, સ્ટ્રીટ લાઇટ અને પાણીના મુદ્દે AAP ઉમેદવારના આક્ષેપ

# ભાજપના જ દાવેદારોના નિવેદનને ટાંકીને AAPના ડૉ. હાર્દિક તલાટીએ ઉઠાવ્યા વિકાસના સવાલો

## ગત ચૂંટણીમાં ગાંધીનગરની જનતાએ આમ આદમી પાર્ટીને રેકોર્ડબ્રેક મતો આપીને બીજા નંબરની મોટી શક્તિ બનાવી હતી : ડો.હાર્દિક તલાટી, AAP ઉમેદવાર

અમદાવાદ

આમ આદમી પાર્ટી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વોર્ડ નંબર ૧૦ ના ઉમેદવાર ડૉ. હાર્દિક તલાટીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC)ની ચૂંટણી ખૂબ જ નજીકના સમયમાં આવી રહી છે. ત્યારે આજે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જેમાં વોર્ડ નંબર ૯, ૧૦ અને ૧૧ ના સંભવિત ઉમેદવારો સેન્સ આપવા આવ્યા હતા. તે સમયે એક જાણીતી ન્યૂઝ ચેનલ દ્વારા ઉમેદવારોને પૂછવામાં આવ્યું કે 'તમે ચૂંટાઈને આવીને શું કામ કરશો?' ત્યારે તેમણે કીધું કે 'અમે આવીને રોડ-રસ્તા સાફ કરશું, સ્ટ્રીટ લાઈટો સરખી કરશું અને લોકોને પાણીની વ્યવસ્થા પૂરી પાડશું.' આ સાંભળીને સવાલ થાય છે કે જે ઉમેદવારો અગાઉ કોર્પોરેટર તરીકે કામ કરી ચૂક્યા છે, તેમણે અત્યાર સુધી કોઈ કામ કર્યું જ નથી અને છતાં આજે ફરીથી દાવેદારી કરવા આવ્યા છે.

વોર્ડ નંબર ૧૦ એટલે કે સેક્ટર ૬, ૭, ૮, ૧ રાંદેસણ,કોબા અને રાયસણ અને રાયસણ વિસ્તારોમાં ભાજપના મેયર હોવા છતાં કોઈ કામ થયા નથી.

પોતાના જ સંભવિત ઉમેદવાર આ વાત જાણીતી ન્યૂઝ ચેનલ સમક્ષ સ્વીકારી રહ્યા છે. હું ગાંધીનગરની જનતાને જણાવવા માંગુ છું કે, ગયા વખતે આમ આદમી પાર્ટીને તમે રેકોર્ડબ્રેક મત આપીને બીજા નંબરની પાર્ટી બનાવી હતી. આ વખતે હું જનતાને અપીલ કરું છું કે યાદ રાખજો, ભાજપના આ લોકોએ કોઈ કામ કર્યા નથી.

જનતાએ આ વખતે પોતાનું મંતવ્ય અને મન બનાવી લીધું છે, તેથી આમ આદમી પાર્ટીને જંગી બહુમતીથી જીતાડીને આ વખતે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીનો મેયર બનાવીએ.

ખુદ ભાજપના જ ટિકિટના દાવેદારોએ ગાંધીનગરમાં ભાજપ શાસનની પોલ ખોલતા આમ આદમી પાર્ટીના ઉમેદવાર ડો.હાર્દિક તલાટીએ ભાજપ શાસકો પર પસ્તાળ પાડી, ભાજપના ઉમેદવારોએ કહ્યું કે તેઓ આવીને રોડ-રસ્તા સાફ કરશે, સ્ટ્રીટ લાઈટો સરખી કરશે અને પાણી આપશે, જે દર્શાવે છે કે જૂના કોર્પોરેટરોએ કંઈ જ કામ કર્યું ન હતું : ડો.હાર્દિક તલાટી, AAP ઉમેદવાર



## આ ફિલ્મ 27 નવેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# રશ્મિકા મંદાનાની માયસાનું દમદાર ટીઝર રિલીઝ, ફેન્સ બોલ્યા હવે પુષ્પાની શ્રીવલ્લી કરશે રુલ

મુંબઈ

રશ્મિકા મંદાનાની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'માયસા'નું એક્શનથી ભરપૂર ટીઝર રિલીઝ થયું છે. આદિવાસી ગોંડ છોકરીના પાત્રમાં રશ્મિકાનો દમદાર અવતાર જોવા મળે છે. 2 મિનિટ 3 સેકન્ડના આ ટીઝરમાં તે પોતાના રસ્તામાં આવતી દરેક મુશ્કેલી સામે લડતી જોવા મળે છે. ફેન્સ 'પુષ્પા' પછી 'શ્રીવલ્લી'નું બોક્સ ઓફિસ પર રાજ હશે તેવી આગાહી કરી રહ્યા છે. રવીન્દ્ર પુલ્લે દિગ્દર્શિત આ ફિલ્મ 27 નવેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. રશ્મિકા મંદાનાની અપકમિંગ ફિલ્મ 'માયસા' (Mysaa) ને લઈને ફેન્સ વચ્ચે લાંબા સમયથી ઉત્સુકતા જોવા મળી રહી છે. એક્શન અને થ્રિલરથી ભરપૂર આ ફિલ્મમાં તે એક આદિવાસી ગોંડ છોકરીનું પાત્ર ભજવી રહી છે. તેના પાત્રમાં એક તરફ લાગણીઓની ઊંડાણ જોવા મળશે, તો બીજી તરફ તે એક મજબૂત અને બહાદુર છોકરીના રૂપમાં પણ નજર આવશે. ત્યારે હવે મેકર્સે ફિલ્મનું ટીઝર શેર કરી દીધું છે, જેમાં રશ્મિકા મંદાનાનો એક્શન અવતાર જોવા મળી રહ્યો છે અને દર્શકોનું એક્સાઈટમેન્ટ વધારી રહ્યો છે. આ ટીઝર જોયા બાદ ફેન્સ કહી રહ્યા છે કે પુષ્પા પછી હવે શ્રીવલ્લીનું બોક્સ ઓફિસ પર રાજ હશે. રશ્મિકા મંદાનાની માયસાનું દમદાર ટીઝર રિલીઝ 2 મિનિટ 3 સેકન્ડના ટીઝરમાં માયસાને એક એવી મહિલા તરીકે દેખાડવામાં આવી છે, જે પોતાના રસ્તામાં આવનારી દરેક વસ્તુ સામે લડવાનો નિર્ણય કરે છે. તેના પાત્રનું એક ઉગ્ર અને મક્કમ ઈરાદાવાળું પાસું છે. યુદ્ધ છેડવાનો તેનો નિર્ણય વિરોધ અને અસ્તિત્વની લડાઈવાળી વાર્તાનો પાયો નાખે છે. રશ્મિકાનું ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન ટીઝરમાં દેખાય આવે છે, જેમાં અંડરવોટર એક્શન સીન કરતી જોઈ શકાય છે. માયસાનો રૉ (raw) અંદાજ દર્શકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. માયસાનું ટીઝર જોયા બાદ એક યુઝરે લખ્યું કે, 'રુવાંટા ઊભાં કરી દીધાં.' તો બીજા યુઝરે લખ્યું કે, 'પુષ્પા પછી બોક્સ ઓફિસ પર શ્રીવલ્લી રૂલ કરશે.' જે લોકો નથી જાણતા તેમને જણાવી દઈએ કે ડિરેક્ટર રવીન્દ્ર પુલ્લેની 'માયસા' હવે 27 નવેમ્બર 2026ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મનું નિર્માણ અનફોર્મુલા ફિલ્મ્સ કરી રહ્યું છે. ફિલ્મમાં રશ્મિકા સિવાય ઈશ્વરી રાવ, ગુરુ સોમસુંદરમ અને રાવ રમેશ પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

**રશ્મિકા મંદાનાની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'માયસા'નું એક્શનથી ભરપૂર ટીઝર રિલીઝ થયું છે. આદિવાસી ગોંડ છોકરીના પાત્રમાં રશ્મિકાનો દમદાર અવતાર જોવા મળે છે**

# સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવા

## સોશિયલ મીડિયા પર વાયરલ પોસ્ટ મુજબ, બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરશે



મુંબઈ

મુંબઈમાં સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવાએ જોર પકડ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ પોસ્ટ મુજબ, બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરશે. રેડિટ પર એક અજાણ્યા યુઝરે સમયના પરિવારના નિકટના હોવાનો દાવો કરીને આ વાત જણાવી હતી. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સ્વિટ્ઝર્લેન્ડની તસવીરો વાયરલ થયા બાદ તેમની ડેટિંગની અટકળો વધી હતી. સમય રૈના અને મેધા શંકર ફરી એકવાર પોતાના કથિત સંબંધ બાબતે સમાચારોમાં ઝળક્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ એક પોસ્ટમાં દાવો કરાયો છે કે બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે સમય અથવા મેધા તરફથી આ દાવાની હજી સુધી કોઈ આધિકારીક પુષ્ટી નથી કરાઈ. આ અફવા કથિત રીતે રેડિટ પર એક પોસ્ટ દ્વારા શરૂ થઈ, જેમાં પોતાને સમયના પરિવારની નિકટના બનાવતા એક અજ્ઞાત યુઝરે તેની માતા સાથે વાતચીતનો સંદર્ભ આપ્યો. પોસ્ટ અનુસાર બંને હાલ રજાઓ માણી રહ્યા છે અને ટૂંક સમયમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે તેની સ્વતંત્ર પુષ્ટી નથી થઈ. સમય અને મેધાની કથિત ડેટિંગની અફવા છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. બંને સાથે નજર આવવાથી તેમજ સ્વિટ્ઝરલેન્ડના ઈન્ટરલેકનથી કથિત તસવીર વાયરલ થયા પછી અટકળો વધી હતી. મેધાએ '૧૨વી ફેલ', 'શાદીસ્થાન' અને 'ગિન્ની વેડ્સ સની ટુ'માં કામ કર્યું છે અને હાલ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં જોવા મળી હતી. મુંબઈમાં સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવાએ જોર પકડ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ પોસ્ટ મુજબ, બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરશે. રેડિટ પર એક અજાણ્યા યુઝરે સમયના પરિવારના નિકટના હોવાનો દાવો કરીને આ વાત જણાવી હતી.

# ભારતમાં હનુમાન અંશની કમાણી 300 કરોડને પાર

## 44મા દિવસે 9.75 કરોડ રૂપિયા કલેક્શન; મિર્ઝાપુરનું વર્લ્ડવાઇડ કલેક્શન 300 કરોડ પર પહોંચ્યું

મુંબઈ

ફિલ્મ 'હનુમાન અંશ'એ ભારતમાં 300 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. બોક્સ ઓફિસ ટ્રેકર સૅકનિલ્ક મુજબ, રિલીઝના 44મા દિવસે (સાતમા શનિવારે) ફિલ્મે 9.75 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું, જેના કારણે તેનું કુલ ભારત ગ્રોસ કલેક્શન 304.80 કરોડ રૂપિયા થઈ ગયું છે. બીજી તરફ પંકજ ત્રિપાઠી અભિનીત 'મિર્ઝાપુર ધ મૂવી'એ પણ શનિવારે 4.50 કરોડ રૂપિયા કમાયા, જેના કારણે તેનું વર્લ્ડવાઈડ કલેક્શન 302.19 કરોડ રૂપિયા થઈ ગયું છે. આ ઉપરાંત વીકએન્ડ પર નવી રિલીઝ થયેલી 'વાઈબ' અને 'દાયરા'ના બિઝનેસમાં પણ સુધારો નોંધાયો છે. હનુમાન અંશની દેશમાં 300 કરોડની કમાણી સંત નીમ કરોલી બાબાના જીવનથી પ્રેરિત ફિલ્મ 'હનુમાન અંશ' થિયેટરોમાં સતત મજબૂત પ્રદર્શન કરી રહી છે. ભારતમાં તેનું નેટ કલેક્શન 258.13 કરોડ રૂપિયા અને કુલ ગ્રોસ કલેક્શન 304.80 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. ઓવરસીઝ માર્કેટમાંથી મળેલા 24.50 કરોડ રૂપિયાને ઉમેરતા ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન 329.30 કરોડ રૂપિયા થઈ ચૂક્યું છે. રિલીઝના સાતમા અઠવાડિયામાં પણ ફિલ્મની કમાણીનો આ ગ્રાફ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. મિર્ઝાપુર ધ મૂવીનું કલેક્શન પણ 300 કરોડને પાર ગુરમીત સિંહના નિર્દેશનમાં બનેલી 'મિર્ઝાપુર ધ મૂવી'માં પંકજ ત્રિપાઠી, અલી ફઝલ અને દિવ્યેન્દુ મુખ્ય ભૂમિકામાં છે. શનિવારની કમાણી બાદ ભારતમાં આ ફિલ્મનું કુલ નેટ કલેક્શન 210.70 કરોડ રૂપિયા અને ગ્રોસ કલેક્શન 250.94 કરોડ રૂપિયા થઈ ગયું છે. ફિલ્મે વિદેશી બજારોમાં અત્યાર સુધીમાં 51.25 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું છે. આ રીતે ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 302.19 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. શનિવારે મળેલી વૃદ્ધિને કારણે ફિલ્મના કુલ આંકડામાં સુધારો થયો છે. બીજી તરફ, પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત અને અક્ષય કુમાર તથા સૈફ અલી ખાન સ્ટારર થ્રિલર ફિલ્મ 'હૈવાન' બોક્સ ઓફિસ પર કઈ ખાસ કમાણી કરી શકી નથી. મોટા સ્ટાર્સ હોવા છતાં રવિવારે આ ફિલ્મે માંડ 1.10 કરોડ રૂપિયાની જ કમાણી કરી છે. આ સાથે પ્રખ્યાત વેબ સિરીઝ પરથી બનેલી ક્રાઈમ-એક્શન ડ્રામા 'મિર્ઝાપુર: ધ મૂવી' એ તેના 17મા દિવસે એટલે કે ત્રીજા રવિવારે 5.00 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.







# સુપરહિટ થ્રિલર ફિલ્મ 'મહારાજા'ની સિક્વલની સત્તાવાર જાહેરાત

## સાઉથ સિનેમાના સુપરસ્ટાર અભિનેતા વિજય સેતુપતિના ચાહકો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે

મુંબઈ

સાઉથ સિનેમાના સુપરસ્ટાર અભિનેતા વિજય સેતુપતિના ચાહકો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. 2024માં સિનેમાઘરોથી લઈને OTT પ્લેટફોર્મ પર ધૂમ મચાવનારી એક્શન-થ્રિલર ફિલ્મ 'મહારાજા' (Maharaja)ના બીજા ભાગની જાહેરાત થઈ ગઈ છે. વિજય સેતુપતિએ પોતે જ પુષ્ટિ કરી છે કે 'મહારાજા 2' (Maharaja 2) ની કહાણી સાંભળી લીધી હોવાની વાત કરી છે અને પ્રોજેક્ટ પર કામ શરૂ કરી દેવામાં આવ્યું હોવાની પણ સત્તાવાર જાહેરાત કરી દીધી છે. વિગતે વાત કરીએ તો, વિજય સેતુપતિએ પોતાની આગામી ફિલ્મ 'બત્થા' (Baththa) ના ઓડિયો લોન્ચ ઈવેન્ટ દરમિયાન આ સમાચાર આપ્યા હતા. તેમણે ડાયરેક્ટર નિથિલન સ્વામીનાથન (Nithilan Saminathan) ના વખાણ કરતા જણાવ્યું કે, 'નિથિલન એક અદ્ભુત દિગ્દર્શક છે અને તેમની રાઈટિંગ સ્કિલ જોરદાર છે. તેમણે તાજેતરમાં જ મને 'મહારાજા 2' ની સ્ક્રિપ્ટ સંભળાવી છે અને આ વાર્તા ખૂબ જ શાનદાર છે. સિક્વલ માટે માત્ર ચર્ચા નથી થઈ રહી, પરંતુ સ્ક્રિપ્ટ સંપૂર્ણ રીતે તૈયાર છે. મહારાજા ફિલ્મની હોલિવુડ રીમેકની પણ જાહેરાત અગાઉ 'મહારાજા' ની ગ્લોબલ સફળતા બાદ પ્રોડ્યુસર સુધન સુંદરમે જણાવ્યું હતું કે, એક હોલિવૂડ એજન્સીએ આ મોશન પિક્ચરના રીમેક રાઈટ્સ ખરીદી લીધા છે. ભારત ઉપરાંત ચીનમાં પણ સારી એવી કમાણી કરીને હિસ્ટ્રી રચનારી આ ફિલ્મે આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણું સન્માન મેળવ્યું છે. જેથી આ ફિલ્મની હવે સિક્વલ બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે.

જેને લઈને વિજય સેતુપતિના ચાહકોમાં ખૂબ જ ઉત્સાહ અને આનંદ જોવા મળી રહ્યો છે. પહેલી ફિલ્મ મહારાજાની કહાણી શું હતી? 2024માં રિલીઝ થયેલી નિયો-નોઈર થ્રિલર ફિલ્મ 'મહારાજા' માં વિજય સેતુપતિ સાથે અનુરાગ કશ્યપ, સચના નમિદાસ, અભિરામી અને મમતા મોહનદાસે મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી.

# '3 ઇડિયટ્સ'ની સિક્વલનું શૂટિંગ એપ્રિલથી શરૂ: 'લલકારા' પછી કામ શરૂ કરશે આમિર ખાન



મુંબઈ

વર્ષ 2009ની ઓલ-ટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મ '3 ઈડિયટ્સ'ની સિક્વલનું શૂટિંગ એપ્રિલ 2027થી શરૂ થઈ શકે છે. નિર્દેશક રાજકુમાર હિરાણી હાલમાં ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. મિડ-ડેના અહેવાલ મુજબ, આમિર ખાન ફેબ્રુઆરીમાં ફિલ્મની અંતિમ સ્ક્રિપ્ટ વાંચશે, ત્યારબાદ પ્રોજેક્ટ પર સત્તાવાર રીતે કામ આગળ વધશે. આ સિક્વલમાં આમિર ખાન સાથે કરીના કપૂર ખાન, આર. માધવન અને શરમન જોશીની મુખ્ય સ્ટારકાસ્ટ ફરી એકસાથે આવવાની અપેક્ષા છે. '3 ઈડિયટ્સ'ની સિક્વલ હાલમાં લેખનના તબક્કામાં છે. રાજકુમાર હિરાની અને તેમની ટીમ આવતા વર્ષની શરૂઆતમાં સ્ક્રિપ્ટનો અંતિમ ડ્રાફ્ટ તૈયાર કરી લેશે. આમિર ખાન ફેબ્રુઆરીમાં આ સ્ક્રીનપ્લે વાંચશે અને પોતાની સંમતિ આપશે. આમિર ખાનની મંજૂરી મળ્યા બાદ તરત જ નિર્માતાઓ એપ્રિલ 2027માં ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. સિક્વલમાં 2009ની મૂળ ફિલ્મના મુખ્ય કલાકારોને ફરી એકસાથે પડદા પર લાવવાની યોજના છે. ફિલ્મમાં આમિર ખાન (રેંચો), આર. માધવન (ફરહાન) અને શરમન જોશી (રાજુ)ની લોકપ્રિય ત્રિપુટી સાથે કરીના કપૂર ખાન (પિયા) પણ પોતાની ભૂમિકામાં જોવા મળી શકે છે. 2009માં રિલીઝ થયેલી '3 ઈડિયટ્સ'એ બોક્સ ઓફિસ પર અનેક ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યા હતા. '3 ઈડિયટ્સ'ના સિક્વલ પહેલાં આમિર ખાન દિગ્દર્શક આશુતોષ ગોવારિકરની સ્પોર્ટ્સ-ડ્રામા ફિલ્મ 'લલકાર'નું શૂટિંગ પૂર્ણ કરશે. તેઓ આ જ વર્ષે ઑક્ટોબરથી માર્ચ 2027 સુધી 'લલકાર'ના શૂટિંગ શેડ્યૂલમાં વ્યસ્ત રહેશે. આ ફિલ્મ 1952માં પાકિસ્તાન વિરુદ્ધ રમાયેલી ઐતિહાસિક ટેસ્ટ શ્રેણી અને ભારતીય ક્રિકેટ ટીમના તત્કાલીન કેપ્ટન લાલા અમરનાથની વાર્તા પર આધારિત છે.

### કચરો વીણવા આવી કર્મચારીઓને માર મારવાનો આરોપ, સખત પગલા લેવા માગ

# પીરાણા ડમ્પીંગ સાઈટ ઉપર બાંગ્લાદેશીઓની અવરજવર, BJPના MLAની કમિશનરને રજૂઆત




અમદાવાદ

એક વર્ષ પહેલા અમદાવાદ પોલીસે અલગ અલગ વિસ્તારોમાંથી બાંગ્લાદેશીઓને પકડવાની કામગીરી કરી હતી. જોકે દાણીલીમડામાં આવેલી પીરાણા ડમ્પીંગ સાઈટ પર કેટલાક બાંગ્લાદેશીઓ આવતાં હોવાનું સામે આવ્યું છે. કચરો વિણવા માટે આવનાર બાંગ્લાદેશીઓ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ પર પણ હુમલા કરતાં હોવાનો ગંભીર આરોપ એલિસબ્રિજ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અમિત શાહે કર્યો છે. પીરાણાના ડુંગર પર કચરો વીણવા માટે આવા અસામાજિક તત્વો ન પ્રવેશે તેના માટે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી છે.

ભાજપના ધારાસભ્ય અમિત શાહે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પીરાણા ડમ્પીંગ સાઈટ પર કચરો વીણવા માટે કેટલાક બાંગ્લાદેશીઓ આવે છે અને કોર્પોરેશનના કર્મચારીને માર મારે છે એક કર્મચારી મારી ઓફિસે રજૂઆત કરવા માટે આવ્યો હતો. જે બાદ મેં સંકલન સમિતિમાં આ બાબતે કમિશનરને રજૂઆત કરી ત્યારે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરફથી પીરાણા ડમ્પીંગ સાઈટ પર અમે કોઈપણ વ્યક્તિને જવા નથી દેતા એવો જવાબ મળ્યો હતો. જોકે ડમ્પિંગ સાઈટ ઉપર લોકો કચરો વીણવા જાય છે તેના વીડિયો મ્યુનિસિપલ કમિશનર અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના ડાયરેક્ટરને મેં મોકલી આપ્યા હતા.

'જો કોઈપણ વ્યક્તિને પીરાણા ડમ્પીંગ સાઈડ ઉપર પ્રવેશ આપવામાં નથી આવતો તો કેવી રીતે સાઈટ ઉપર આ લોકો જાય છે. મોટાભાગના કચરો વીણવા વાળા બાંગ્લાદેશીઓ છે અને આસપાસમાં ત્યાં ગેરકાયદેસર રહે છે. કોર્પોરેશનના કર્મચારીઓને આ રીતે માર મારે અને દાદાગીરી કરે તે ચલાવી લેવાય નહીં તેથી આ મામલે મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરી અને મૌખિક પણ જાણકારી છે.'

પીરાણા ડમ્પીંગ સાઈટના મોટર મજૂર કાદરી આબિદ અલીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મારી ઉપર કચરો વીણવા આવનારા લોકોએ હુમલો કર્યો હતો. બાંગ્લાદેશીઓ દિવસ રાત કચરો વીણવા માટે ડમ્પીંગ સાઈટ ઉપર આવી જાય છે અને દાદાગીરી કરતા હોય છે. મેં જ્યારે આ બાબતે તેમને રોક્યા ત્યારે તેઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

પીરાણા ડમ્પ સાઈટની પાછળ બોમ્બે હોટલ અને આગળ બંને તરફથી આવે છે અને મોટાભાગના કચરો વીણનારા બાંગ્લાદેશીઓ જ છે. કેટલાક લોકો દાણીલીમડા આસપાસ વટવા અને ગણેશનગર વિસ્તારમાં રહેતા હોય છે.

શહેરની સૌથી મોટી ડમ્પિંગ સાઈટ નારોલ- નરોડા હાઈવે નજીક પીરાણા પાસે આવેલી છે. ડમ્પિંગ સાઈટ પર મ્યુનિસિપલ કોર્પોરેશનનું કચરાનું વાહન કચરો ઠાલવવા માટે વાહન આવે તે સાથે જ મોટી સંખ્યામાં કચરો વિણનાર લોકો એકઠા થઈ જાય છે. કચરો ઠલવતાં વાહનને તેઓ જોખમી રીતે ઘેરી લે છે. વાહનમાંથી કચરો ઠલવાય કે તરત જ તેઓ પડાપડી કરે છે. ઉંચાઈથી પડી જવાની પણ શક્યતા હોય છે. જે લોકો કચરો વીણવા માટે આવે છે તેઓ બાંગ્લાદેશી હોવાની શક્યતા છે.

### ગોમતીપુરમાં ડ્રગ્સનું નેટવર્ક બેપર્દા

## નંબર પ્લેટ વગરના બર્ગમેન સ્કૂટરમાંથી દોઢ લાખના ગાંજા સાથે કુખ્યાત શખ્સ ઝડપાયો!

અમદાવાદ

અમદાવાદ શહેર હવે અસામાજિક તત્વો અને નશાના કારોબારીઓ માટે સુરક્ષિત ગઢ નથી રહ્યું, કારણ કે ખાખી વર્દીએ ડ્રગ્સ માફિયાઓ સામે આરપારની લડાઈ શરૂ કરી દીધી છે.

શહેરના સંવેદનશીલ ગણાતા ગોમતીપુર વિસ્તારમાંથી પોલીસે એક એવા શખ્સને ઝડપી પાડ્યો છે, જે નંબર પ્લેટ વગરના વાહનમાં બેફામ બનીને ગાંજાના જથ્થાની હેરાફેરી કરી રહ્યો હતો. ગોમતીપુર પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે કરેલી આ સચોટ કાર્યવાહીથી નશાના સોદાગરોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, ગોમતીપુર પોલીસ પેટ્રોલિંગ અને વોચમાં હતી તે દરમિયાન ચતુરસિંગ ચાર રસ્તા પાસેથી એક શંકાસ્પદ નંબર પ્લેટ વગરની બર્ગમેન (Burgman) ગાડી પસાર થઈ રહી હતી. પોલીસે તાત્કાલિક ગાડીને અટકાવીને તેની સઘન તલાશી લીધી હતી. ગાડીના ચાલક ફરદીન સૈયદ નામના શખ્સની ઊંડાણપૂર્વક



પૂછપરછ કરી જ્યારે બાઈકની ડેકી ખોલીને તપાસ કરવામાં આવી, ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ડેકીમાંથી અંદાજે દોઢ લાખ રૂપિયાની કિંમતનો ૩ કિલોથી વધુ વજનનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપી ફર્દીન સૈયદે એવા સનસનીખેજ ખુલાસા કર્યા છે કે તેણે આ ગાંજો ગોમતીપુરના જ મદની મોહલ્લા ખાતે રહેતા ફકરુદ્દીન ઉર્ફે ટકલા નામના શખ્સ પાસેથી ખરીદ્યો હતો અને તે આ જ પ્રકારે છૂટક અને જથ્થાબંધ વેચાણ કરતો હતો. આ નેટવર્કના તાર ક્યાં-ક્યાં સુધી જોડાયેલા છે તે શોધવા માટે પોલીસે તપાસનો ધમધમાટ કરી દીધો છે.

## શેલા રોડ પર ટેમ્પોએ અડફેટે લેતાં કચરો એકઠો કરતા માસૂમ સગીરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત

અમદાવાદ

અમદાવાદના શેલા રોડ પર સોમવારે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. કચરો વીણતા એક સગીરને પૂરપાટ ઝડપે આવતા ટેમ્પોએ ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સગીરને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. બોપલ પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. મૃતકની ઓળખ હજુ થઈ નથી.

અમદાવાદના એસ.પી. રિંગ રોડ નજીક આવેલા શેલા રોડ પર સોમવારે એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. પ્રાથમિક માહિતી મુજબ રસ્તા પરથી કચરો એકઠો કરતા એક સગીરને પૂરપાટ ઝડપે આવી રહેલા ટેમ્પોએ અડફેટે લેતાં તેનું મોત નિપજ્યું છે.

આ ઘટના શેલા વી.આઈ.પી. રોડ પર બની હતી. ટેમ્પોની જોરદાર ટક્કર વાગતા સગીરને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

### અમદાવાદના વાસણામાં ધાર્મિક પ્રસંગ લોહિયાળ બન્યો

## રામાપીરના નેજામાં ડીજે વગાડવાની ના પાડતા યુવકને લાકડી અને બેટથી ઢીબોડી નાખ્યો

અમદાવાદ

શહેરમાં હવે સામાન્ય બોલાચાલી અને તકરારો કેટલી હદ સુધી ખૂની ખેલમાં પરિવર્તી થઈ રહી છે, તેનું વધુ એક શરમજનક અને હચમચાવતું ઉદાહરણ વાસણા વિસ્તારમાંથી સામે આવ્યું છે. અમદાવાદના સંવેદનશીલ ગણાતા વાસણા વિસ્તારમાં રામાપીરના નેજાના પવિત્ર ધાર્મિક પ્રસંગ દરમિયાન ડીજે વગાડવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલી બબાલ એટલી હદે વકરી ગઈ કે નશાખોરો કે ઉશ્કેરાયેલા શખ્સોએ હિંસાની તમામ હદો પાર કરી નાખી. ડીજે વગાડવાની ના પાડવા પર એક યુવક પર ઘાતક હુમલો કરીને તેને લોહીલુહાણ કરી દેવામાં આવ્યો છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ, વાસણા વિસ્તારમાં રામાપીરના



નેજાનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. આ દરમિયાન ત્યાં ડીજે વગાડવા બાબતે તકરાર થઈ હતી. જ્યારે પીડિત યુવકે ત્યાં ડીજે વગાડવાની ના પાડી અથવા વિરોધ નોંધાવ્યો, ત્યારે આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. મામલો એટલો વધી ગયો કે આરોપીઓએ પહેલાં તો બિભત્સ ગાળાગાળી કરી અને પછી ગડદાપાટુનો બેફામ માર માર્યો હતો. એટલું જ નહીં, હેવાનિયતની હદો વટાવતા હુમલાખોરોએ હાથમાં લાકડીઓ અને બેટ લઈને યુવક પર આડેધડ ફટકા વરસાવ્યા હતા. આ ઘાતક હુમલામાં યુવકનું માથું ફાટી ગયું અને હાથ પણ ભાંગી નાખવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી છે. એક તરફ શ્રદ્ધા અને આસ્થાના પ્રતીક સમાન ધાર્મિક પ્રસંગો ઉજવાતા હોય છે, ત્યારે બીજી તરફ અસામાજિક તત્વો દ્વારા આ પ્રકારે ખુલ્લેઆમ ખૂની ખેલ રમાતો હોવાથી સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ અને ડરનો માહોલ ફેલાઈ ગયો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને ઘાયલ યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સ્થિતિ ગંભીર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### માત્ર 6 કલાકમાં 106 વાહનો ડિટેઇન!

## રાત્રિના અંધારામાં બેફામ દોડતા વાહન ચાલકો પર નવરંગપુરા પોલીસનો સપાટો

અમદાવાદ

શહેરમાં રાત્રિના સમયે કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતા અને બેફામ સ્પીડે વાહનો હંકારીને નિર્દોષ નાગરિકોની સુરક્ષા જોખમમાં મૂકતા રોંગ સાઈડ ડ્રાઈવરો તથા તોફાની તત્વો પર હવે અમદાવાદ શહેર પોલીસની લાલ આંખ થઈ ચૂકી છે. નવરંગપુરા પોલીસે રાત્રિના અંધારામાં રસ્તા પર ત્રાસ મચાવતા બેફામ વાહનચાલકો સામે અત્યંત આક્રમક અંદાજમાં 'મેગા ડ્રાઈવ' શરૂ કરી છે, જેના માત્ર બે જ દિવસના રાત્રિ ચેકિંગમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, નવરંગપુરા પોલીસે શહેરના સૌથી ધમધમતા અને પોશ વિસ્તારો ગણાતા સી.જી. રોડ (C.G. Road) અને મ્યુનિસિપલ માર્કેટ આસપાસના વિસ્તારોમાં રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી ૧:૦૦ વાગ્યા સુધી સઘન વાહન ચેકિંગ હાથ ધર્યું હતું.

માત્ર બે રાત્રિ દરમિયાન કુલ ૬ કલાકના આ ટાંચા સમયગાળામાં નિયમોની ધજાગરા ઉડાડતા કુલ ૧૦૬ વાહનો પોલીસના હાથે ડિટેઈન કરવામાં આવ્યા છે. પોલીસની આ અચાનક અને આક્રમક કાર્યવાહીથી વાહનચાલકોમાં ભાગદોડ મચી ગઈ હતી.

આ મેગા ડ્રાઈવ દરમિયાન નવરંગપુરા પોલીસ અને SHE ટીમની મહિલા પોલીસ કર્મચારીઓએ સંયુક્ત રીતે સપાટો બોલાવ્યો હતો. ખાસ કરીને: નંબર પ્લેટ વગરના ૨૧ વાહનો ઝડપાયા, જે અસામાજિક પ્રવૃત્તિઓ કે અકસ્માત સર્જીને નાસી છૂટવા માટે વપરાતા હોવાની શંકા છે. ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહનના જરૂરી દસ્તાવેજો વગર ફરતા વાહનચાલકો. રોડ પર ત્રાસ ફેલાવતા મોડિફાઈડ સાયલેન્સરવાળા અને ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો. ડિટેઈન કરાયેલા કુલ ૧૦૬ વાહનોમાં ૨૬ એક્સેસ, ૨૫ બર્ગમેન, ૧૯ એક્ટિવા, ૬ બુલેટ, ૩ જ્યુપિટર અને ૬ ફોર-વ્હીલર (કાર) નો સમાવેશ થાય છે. પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ભયાનક ડ્રાઈવનો મુખ્ય હેતુ ખાસ કરીને રાત્રિના સમયે બહાર નીકળતી મહિલાઓ, યુવતીઓ અને સિનિયર સિટિઝનની સુરક્ષાને મજબૂત કરવાનો છે.

### મણિનગરમાં નકલી સરકારી બાબુનો પર્દાફાશ

## ડેપ્યુટી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ બનીને ફરતો ભેજાબાજ ક્રાઈમ બ્રાન્ચના સકંજામાં!

અમદાવાદ

શહેરમાં ખુંખાર ગુનેગારોની સાથેસાથે હવે સામાન્ય પ્રજા પર સરકારી રોફ જમાવીને ઠગાઈ કરતા નકલી અધિકારીઓનો ત્રાસ પણ સતત વધી રહ્યો છે. અમદાવાદના સંવેદનશીલ અને પોશ ગણાતા મણિનગર વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચે એક એવા શાહુકાર અને ભેજાબાજ શખ્સને ઝડપી પાડ્યો છે, જે ખુદને ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારી તરીકે ઓળખાવીને લોકો સાથે છેતરપિંડી આચરતો હતો. સરકારી હોદ્દાની ખોટી ઓળખ આપીને ફરતા આ નકલી બાબુની કરતૂતો જાણીને ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી છે.

મળતી વિગતો અનુસાર, પકડાયેલા આરોપીની ઓળખ ૪૦ વર્ષીય કિરીટકુમાર અમીન ઉર્ફે કે.બી. અમીન તરીકે થઈ છે. આ શખ્સ લાંબા સમયથી પોતાની જાતને ગુજરાત સરકારના જવાબદાર હોદ્દા પર ફરજ બજાવતા અધિકારી તરીકે રજૂ કરતો હતો. તે મણિનગર દક્ષિણી રેલવે ક્રોસિંગ પાસેથી શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહ્યો હતો, બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તેને ઝડપી લેવા માટે જયહિંદ ચાર રસ્તા પાસે ખાસ વોચ ગોઠવી હતી અને આખરે તેને દબોચી લીધો હતો.

ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં આરોપી પાસેથી અત્યંત ચોંકાવનારા પુરાવા મળી આવ્યા છે. તેની પાસેથી ગુજરાત સરકારના ડેપ્યુટી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (મોડાસા) હોવાનું દર્શાવતું એક બનાવટી (બોગસ) આઈડી કાર્ડ મળી આવ્યું છે. વાસ્તવિકતા એ છે કે આ શખ્સનો ગુજરાત સરકારમાં કે વહીવટી તંત્રમાં દૂર-દૂર સુધી કોઈ જ અધિકૃત હોદ્દો કે સત્તા ન હતી, છતાં તે સરકારી બાબુઓ જેવી રૂઆબદાર ઓળખ ઊભી કરીને સામાન્ય લોકોને અંજાપતો હતો અને પોતાની ઓળખનો ખોટો ફાયદો ઉઠાવીને ઠગાઈ આચરતો હતો.

## સંક્ષીપ્ત સમાચાર

### ડ્રગ્સ માફિયાઓનો મોટો પર્દાફાશ: બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી 8.9 કિલો હાઇડ્રોપોનિક ગાંજો ઝડપાયો!

ગુજરાતને નશાના રવાડે ચડાવવા માટે અસામાજિક તત્વો દ્વારા કેવા-કેવા કીમિયા અપનાવવામાં આવી રહ્યા છે, તેનું વધુ એક સનસનીખેજ પ્રકરણ અમદાવાદ એન્ટરનેશનલ એરપોર્ટ પરથી સામે આવ્યું છે. બેંગકોકથી ફ્લાઈટ મારફતે અમદાવાદ આવેલા એક શંકાસ્પદ મુસાફર પાસેથી અમદાવાદ કસ્ટમ્સ ટીમે બાતમીના આધારે સપાટો બોલાવતા અંદાજે ૮.૯ કિલોગ્રામ (૮,૯૧૩ ગ્રામ) હાઈડ્રોપોનિક ગાંજો (Hydroponic Weed) ઝડપી પાડ્યો છે. વિદેશથી આયાત થતા આ ઘાતક ડ્રગ્સની કિંમત બજારમાં કરોડો રૂપિયા આંકવામાં આવી રહી છે. પ્રાપ્ત થતી અત્યંત વિગતવાર માહિતી મુજબ, ૨૧ સપ્ટેમ્બરના રોજ બેંગકોકથી અમદાવાદ એરપોર્ટ પર ઉતરેલા એક મુસાફરની હિલચાલ અને તેના સામાન પર કસ્ટમ્સ અધિકારીઓને શંકા ગઈ હતી.

### રખિયાલ વિસ્તારમાં મોબાઇલ વેપારી સાથે 99,000 રૂપિયાની ઠગાઇ

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં મોબાઈલ વેપારી સાથે 99,000 રૂપિયાની ઠગાઈ થઈ છે. ગ્રાહકના સાળા તરીકે ઓળખ આપીને એક અજાણ્યા શખ્સે OLX પર જાહેરાત જોઈને વેપારીને વિશ્વાસમાં લીધો હતો. ગિફ્ટમાં મળેલા મોંઘા ફોનના વેચાણના બહાને, બારકોડ દ્વારા નાણાં મેળવીને ઠગે ફોન સ્વિચ ઓફ કરી દીધો. વેપારીએ સાયબર હેલ્પલાઈન અને રખિયાલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઈ છે. રખિયાલ વિસ્તારમાં મોબાઈલ લે-વેચનો વેપાર કરતા એક વેપારી સાથે ગ્રાહકનો સાળો હોવાની ઓળખ આપીને રૂ. 99,000 ની ઠગાઈ આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. ગિફ્ટમાં મળેલા મોંઘા મોબાઈલના વેચાણના બહાને ભેજાબાજે ઓનલાઈન બારકોડ દ્વારા નાણાં મેળવીને ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. આ મામલે વેપારીએ સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કર્યા બાદ રખિયાલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### રિક્ષામાં જ ગૂંજ્યું નવજાતનું કિલકિલાટ બિલાસિયા-મુઠીયા બ્રિજ નીચે પ્રસૂતાને ઓટો રિક્ષામાં 108 ધ્વારા સફળ ડિલિવરી

એસપી રિંગ રોડ દસક્રોઈ ના બિલાસિયા મુઠીયા બ્રિજ નીચે પ્રસૂતાને તીવ્ર પીડા ઉપડતાં ઓટો રિક્ષામાં લઈ જતા તીવ્ર પીડા ઉપડતા ,નવજાત શિશુનું માથું બહાર આવી ગયેલ હોવાથી 108 ટીમે ઓટો રિક્ષામાં સફળ ડિલિવરી કરાવી બાળકનો જન્મ થતા અગાઉ બે ડિલિવરીમાં બાળકો ગુમાવનાર પરિવારમાં આંનદ છવાયો હતો. દસક્રોઈના બિલાસિયા-મુઠીયા બ્રિજ નીચે રહેતી સુનિતાને ઓટો રિક્ષામાં જ પ્રસૂતિની તીવ્ર પીડા ઉપડતાં પરિવારજનોએ 108 ને જાણ કરતા નાના ચિલોડા-રણાસણ લોકેશનની 108ના પાયલોટ વિકાસ અને ઈએમટી સરિતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. 108 ટીમે પહોંચીને જોયું તો સુનિતા રિક્ષામાં જ સૂતેલી હતી અને બાળકનું માથું બહાર આવી ગયું હતું.

### CTMની સ્કુલમાં ધોરણ 4ના વિદ્યાર્થીએ વિદ્યાર્થીનીને ' આઇ લવ યુ' લખેલી ચિઠ્ઠી આપી

અમદાવાદના CTM વિસ્તારમાં ધોરણ 4માં ભણતા 9 વર્ષના વિદ્યાર્થીએ સહપાઠીને 'આઈ લવ યુ' લખેલી ચિઠ્ઠી આપી હતી. આ બાબતે શિક્ષક અને પ્રિન્સિપાલે વિદ્યાર્થીને ઠપકો આપી ફૂટપટ્ટીથી માર માર્યો હતો. વાલીઓએ રામોલ પોલીસ સ્ટેશનમાં શિક્ષક અને પ્રિન્સિપાલ વિરુદ્ધ જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. સીટીએમ વિસ્તારમાં આવેલી એક અંગ્રેજી માધ્યમની ખાનગી શાળામાં ધોરણ 4માં અભ્યાસ કરતા સગીર વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીનીને આઈ લવ યુ' લખેલી ચિઠ્ઠી આપી, જે શિક્ષક પાસે પહોંચતા જ શિક્ષક અને પ્રિન્સિપાલે વિદ્યાર્થીને ઠપકો આપી ફૂટપટ્ટી મારી હતી. જે અંગે વિદ્યાર્થીના માતા- પિતાને જાણ થતા શિક્ષક અને પ્રિન્સિપાલ સામે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### સુરતની કંપનીનું ઈમેઇલ ID હેક કરી વટવાના વેપારી સાથે 2.07 લાખ રૂપિયાની છેતરપિંડી

અમદાવાદના ખોખરામાં રહેતા વેપારી બેનુપ્રભાકર સિંહ સાથે 2.07 લાખની સાયબર ઠગાઈ થઈ છે. સુરતની કંપની પાસેથી હીટરનો ઓર્ડર આપ્યા બાદ, ઠગબાજોએ કંપનીનું ઈમેઈલ આઈડી હેક કરીને બાકી રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. વેપારીએ ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અમદાવાદના ખોખરા વિસ્તારમાં રહેતા અને વટવા ખાતે કેમિકલ ઈક્વિપમેન્ટનો વ્યવસાય કરતા વેપારી સાથે રૂ. 2.07 લાખની સાયબર ઠગાઈ થઈ હોવાની ઘટના સામે આવી છે. સુરતની જે કંપની પાસેથી વેપારીએ હીટરનો ઓર્ડર આપ્યો હતો, તે કંપનીનું અધિકૃત ઈમેઈલ આઈડી હેક કરીને ગઠિયાઓએ બાકી રકમ પોતાના અન્ય બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI